Shree Kundkund-Kahan Parmarthik Trust
302, 'Krishna-Kunj', Plot No.30, Navyug CHS Ltd., V. L. Mehta Marg, Vile Parle(w), Mumbai–400056
**Phone No. :** (022) 2613 0820. **Website :** www.vitragvani.com **Email :** info@vitragvani.com

Atmadharma is a magazine that has been published from Songadh, since 1943. We have re-typed and uploaded the old Atmadharma Magazines to our website www.vitragvani.com

We have taken utmost care while re-typing, from the original Atmadharma Magazines. There may be some typographical errors, for which we request all readers to kindly inform us about the same, to enable us to correct and improve. Please send your comments to info@vitragvani.com

**Shree Kundkund-Kahan Parmarthik Trust**
**(Shree Shantilal Ratilal Shah-Parivar)**




વીર સં. ૨૫૦૫, ફેબ્રુઆરી [ ૪૨૪ ] વર્ષ ૩૫ : અંક ૧૫

# સ્વસમયમાં પ્રવર્તવું તે ચારિત્ર

હવે ચારિત્રનું સ્વરૂપ કહે છેઃ-

પંચમહાવ્રતાદિના વિકલ્પ તે ચારિત્ર નથી પણ અતીન્દ્રિય આનંદનું દળ પ્રભુ તેના સ્વરૂપમાં સમ્યગ્દર્શન-જ્ઞાન સહિત રમવું તે ચારિત્ર છે. નિજપદમાં રમે તે રામ, રાગમાં રમે તે હરામ. જેમ ઢોર ઘાસને ચરે છે, તેમ આત્મા સ્વરૂપમાં શું ચરે છે?-કે અંદર જે અતીન્દ્રિય આનંદ છે તેને ચરે છે. ચારિત્રવંત પોતાના આનંદમાં રમે છે, આનંદને ચરે છે, તેને અનુભવે છે.

ભગવાન ત્રિલોકનાથ એમ કહે છે કે સ્વરૂપમાં રમવું તે ચારિત્ર છે. પંચમહાવ્રતાદિ એ ચારિત્ર નથી, એ તો દોષ છે. સ્વરૂપમાં રમવું એટલે શું?—કે અતીન્દ્રિય આનંદની મૂર્તિ પ્રભુ તે સ્વસમય છે, એ સ્વસમયની પ્રવૃત્તિ અર્થાત્ તેમાં પ્રવર્તવું એ ચારિત્ર છે. સમ્યગ્દર્શન-જ્ઞાનના ઠેકાણા વિના પંચ મહાવ્રતાદિની ક્રિયાકાંડ એ કાંઈ ચારિત્ર નથી. રાગથી નિવૃત્તિ ને અતીન્દ્રિય આનંદનું દળ જે સ્વસમય તેમાં પ્રવૃત્તિરૂપ ચારિત્ર છે. પંચમહાવ્રતની ક્રિયા કે નગ્નપણું એ કાંઈ ચારિત્ર નથી.

પૂર્ણાનંદનો નાથ અતીન્દ્રિય આનંદનો સાગર એવો જે સ્વસમય તેમાં પ્રવર્તવું તે ચારિત્ર છે અને તે જ વસ્તુનો સ્વભાવ હોવાથી ધર્મ છે. ત્રિકાળી સ્વભાવમાં પ્રવર્તવું એ ચારિત્ર છે અને તે ધર્મ છે કેમ કે ત્રિકાળી સ્વભાવમાં રમ્યો ને ચારિત્રદશા થઈ એ વસ્તુનો સ્વભાવ છે માટે ધર્મ છે. પંચમહાવ્રતાદિનો રાગ છે એ કાંઈ વસ્તુનો સ્વભાવ નથી. સ્વસમયની પ્રવૃત્તિ તે વસ્તુનો સ્વભાવ છે. પૂર્ણાનંદની પ્રતીતિ ને જ્ઞાન સહિત સ્વરૂપમાં રમે તે ચારિત્ર છે એટલે કે સ્વરૂપમાં રમવું તે ચારિત્ર છે અને તે જ વસ્તુનો સ્વભાવ હોવાથી તે ધર્મ છે. તે જ વસ્તુનો સ્વભાવ હોવાથી ધર્મ છે એટલે?-કે શુદ્ધ ચૈતન્યમૂર્તિનું વીતરાગભાવે પ્રકાશવું એ ધર્મ છે.

પર્યાયમાં ઝળહળ જ્યોતિ પ્રગટ થવી, શુદ્ધ ચૈતન્યનો પ્રકાશ પર્યાયમાં બહાર આવવો તે સ્વસમયમાં પ્રવૃત્તિ, તે વસ્તુનો સ્વભાવ ને તે ધર્મ છે. વીતરાગ સ્વરૂપનું વીતરાગભાવે પર્યાયમાં પ્રકાશવું-પ્રગટવું તે ધર્મ છે. દ્રષ્ટિમાં

(વિશેષ માટે જુઓ પેજ ૧૩)

વાર્ષિક લવાજમ છ રૂપિયા
વર્ષ ૩૫ અંક ૧૫




વીર સંવત ૨૫૦૫
A. D. 1979 FEB

# પ્રત્યાખ્યાન એટલે શું ?

સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન થયું છે પણ હજી જે અસ્થિરતાનો રાગ આદિ છે તે દુઃખ છે. જ્ઞાની જાણે છે કે સ્વરૂપમાં આચરણ કરવાથી અશુદ્ધતાનો ને કર્મનો નાશ થાય, તોપણ ગુરુ પ્રત્યે એટલો બધો વિનય ને ભક્તિ હોય છે કે ગુરુને પૂછે છે કે પ્રભુ ! આ આત્મારામને અન્ય દ્રવ્યોનું ત્યાગવું શું છે ? જાણે છે છતાં વિનયથી ગુરુને પૂછે છે ત્યારે ગુરુ મહારાજ સમજાવે છે કેઃ

આ ભગવાન આત્મા જ્ઞાતાદ્રવ્ય છે અને પર્યાયમાં પરદ્રવ્યના નિમિત્તે થનારા સમસ્ત પ્રકારના શુભાશુભભાવો છે તે પરભાવો છે. પર્યાયમાં પરદ્રવ્યના નિમિત્તે વિભાવભાવ થાય છે પણ સ્વભાવ તેમાં વ્યાપતો ન હોવાથી તેઓ પરભાવ છે. એ રીતે વિભાવભાવને પરભાવરૂપ જાણીને જ્ઞાનમાં એકાગ્ર થવું એ રાગનું પચખાણ છે. ખરેખર તો આત્મા રાગને ત્યાગે છે એમ કહેવું એ પણ નામમાત્ર છે. કેમ કે રાગાદિને પરભાવરૂપ જાણીને, જ્ઞાનમાં સ્થિર થતાં રાગાદિ ઉત્પન્ન થતા જ નથી. જ્ઞાન જ્ઞાનમાં ઠરે છે ત્યારે રાગાદિ ઉત્પન્ન થતા નથી તેથી સ્થિર થયેલું જ્ઞાન તે જ પ્રત્યાખ્યાન છે.

( શ્રી સમયસાર ગાથા ૩૪ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી )

મારા આનંદના નાથમાં હવે હું રમું—એવા આચરણનો કામી સમ્યગ્દ્રષ્ટિ ગુરુ પાસે જઈને ઈચ્છા કરે છે કે પ્રભુ મને મારા આતમરામમાં રમવાની ઇચ્છા થઈ છે. મારામાં અવ્રતનો ભાવ છે પણ હવે હું મારા સ્વરૂપમાં આચરણ કરવાનો અભિલાષી થયો છું. સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન થયું છે પણ હજી જે રાગાદિ છે તે દુઃખ છે તેથી પોતાના સ્વરૂપમાં આચરણ કરવાનો ઇચ્છુક થયો છે. પોતાની પર્યાયમાં રાગાદિ ભાવ છે. તેનું વેદન છે તેથી સ્વરૂપમાં આચરણ કરવાનો કામી થયો થકો ગુરુને પૂછે છે. ગુરુને કેમ પૂછે છે?–કે સમ્યગ્દર્શન ને જ્ઞાન થયું તેથી ખબર તો છે કે સ્વરૂપમાં રમણતા કરવાથી અશુદ્ધતા ને કર્મનો નાશ થાય. પણ ગુરુ પ્રત્યે એટલો બધો વિનય ને ભક્તિ હોય છે કે ગુરુને પૂછે છે. પર્યાયમાં રાગ ને અવ્રતાદિનો અત્યાગ ભાવ છે તેથી સ્વરૂપમાં આચરણ કરવાનો કામી થયો થકો વિનયથી ગુરુને પૂછે છે. સ્વરૂપમાં આચરણ કરવાનો ઈચ્છુક થયો એમ કહ્યું છે પણ રાગનો ત્યાગ કરવાનો ઈચ્છુક થયો એમ નથી કહ્યું. મારી પર્યાયમાં રાગાદિ છે એ જાણું છું, પણ હવે મારા સ્વરૂપમાં આચરણ કરવાનો કામી થયો છું. તેથી વિનયથી ગુરુને પૂછે છે કે પ્રભુ આત્મારામને અન્ય દ્રવ્યોનું ત્યાગવું શું છે? આ આત્મારામને રાગાદિ અન્ય દ્રવ્યોનું પ્રત્યાખ્યાન શું છે? આહાહા! સ્વરૂપનું જ્ઞાન થયું છે એ પ્રશ્ન કરે છે કે મારી પર્યાયમાં રાગાદિનો અત્યાગ એ દુઃખનું વેદન છે તેથી મારી પર્યાયમાં એ વેદનનો ત્યાગ શું છે?–જાણે છે છતાં વિનયથી ગુરુને પૂછે છે. તેના ઉત્તરરૂપે આચાર્યમહારાજ અહીં ગાથા કહે છેઃ—

**સૌ ભાવને પર જાણીને પચખાણ ભાવોનું કરે,**
**તેથી નિયમથી જાણવું કે જ્ઞાન પ્રત્યાખ્યાન છે. ૩૪.**

દયા–દાન આદિનો રાગ આવે છે પણ એ જાણે છે કે એ પર છે, પોતાના સિવાય સર્વે પદાર્થો પર છે—એમ જાણીને પ્રત્યાખ્યાન કરે છે એટલે કે જ્ઞાનસ્વરૂપી ભગવાન જ્ઞાનમાં સ્થિર થઇ ગયો એ પ્રત્યાખ્યાન છે. ભગવાન આત્માના દ્રષ્ટિ ને જ્ઞાન તો થયા છે પણ હવે જ્ઞાન જ્ઞાનમાં ઠરે છે એ પ્રત્યાખ્યાન છે. આત્મા જ્ઞાનસ્વરૂપી પ્રભુ છે એમ જ્ઞાનમાં આવ્યું છે એવો જ્ઞાની જીવ જ્ઞાનમાં સ્થિર થઈ જાય છે એ પ્રત્યાખ્યાન છે. જ્ઞાન જ્ઞાનમાં સ્થિર થયું ત્યાં આનંદની વિશેષધારા વહી એ જ પ્રત્યાખ્યાન છે. પોતાના જ્ઞાનમાં રાગના અભાવરૂપ અવસ્થા અર્થાત્ આનંદની ઉગ્ર અવસ્થા એ પ્રત્યાખ્યાન છે.

હવે ટીકા દ્વારા ગાથાના ભાવોને આચાર્ય મહારાજ વિશેષ સમજાવે છેઃ–

આ ભગવાન આત્મા છે એમ મતિ–શ્રુતજ્ઞાનમાં પ્રત્યક્ષ થઈને આત્મા જાણવામાં

આવ્યો છે. ભગવાન જ્ઞાતા દ્રવ્ય છે એ નજરમાં આવ્યો છે. પરદ્રવ્યના નિમિત્તે પોતાની પર્યાયમાં થતાં સમસ્ત શુભાશુભભાવ પરભાવો છે. પર્યાયમાં રાગ–દ્વેષ છે, અન્યદ્રવ્યના નિમિત્તે થનારા ભાવ પર્યાયમાં છે, અન્યદ્રવ્યના નિમિત્તે પોતાની પર્યાયમાં પોતાના કારણે વિભાવભાવ થાય છે પણ એ સ્વભાવભાવ નથી, પરભાવ છે. જે ભાવે તીર્થંકર પ્રકૃતિ બંધાય એ બધા વિભાવભાવ છે, દુઃખભાવ છે, આકુળતા છે. સમસ્ત વિભાવભાવ અપરાધ છે. એ સમસ્ત પરભાવો પોતાના સ્વભાવભાવ વડે વ્યાપ્ત થતા નથી. પોતાની પર્યાયમાં વિભાવ હોવા છતાં સ્વભાવ વડે વિભાવભાવ વ્યાપ્ત થતા નથી.

દ્રવ્યસ્વભાવ વડે વિભાવરૂપ પરિણમન નથી થયું. અકષાયસ્વભાવનો સાગર પ્રભુ પોતાના સ્વભાવ વડે કષાયરૂપ નથી પરિણમતો તેથી જ્ઞાની દયા–દાન આદિ કે અવ્રત આદિના વિભાવભાવોને પરપણે જાણે છે. જ્ઞાન–દર્શન–આનંદ આદિ સ્વભાવ વડે વિભાવભાવો વ્યાપ્ત નહીં હોવાથી જ્ઞાની ધર્માત્મા રાગાદિને પરરૂપ જાણે છે. વિકાર એ પરદ્રવ્ય સ્વરૂપ પરિણમન છે, મારી પર્યાયમાં છે પણ એ મારો સ્વભાવ નથી, તેથી જ્ઞાની તેને પરરૂપે જાણીને ત્યાગે છે.

પરભાવો મારી પર્યાયમાં છે, પણ મારો દ્રવ્યસ્વભાવ એ રૂપે નહીં પરિણમનારો હોવાથી તેને પરરૂપે જાણીને ત્યાગે છે અર્થાત્ તે–રૂપે પરિણમતો નથી એ પ્રત્યાખ્યાન છે. એ ચારિત્રની દશા છે. રાગનો ત્યાગ અંદરમાં કરે છે. પર્યાયમાં પરદ્રવ્યના નિમિત્તે રાગાદિ પરિણમન છે તેને હું પરરૂપ જાણું છું–એમ જાણીને જ્ઞાનમાં એકાગ્ર થાઉં છું ને રાગ છૂટી જાય છે. રાગના આચરણમાં હતો તેને દુઃખરૂપ, પરરૂપ જાણીને જ્ઞાનસ્વરૂપી ભગવાન જ્ઞાનમાં લીન થઈ ગયો. રાગરૂપ અસ્થિરતા હતી પણ હવે જ્ઞાનમાં સ્થિર થઈ ગયો તે પ્રત્યાખ્યાન છે. બાહ્યત્યાગ કર્યો એ સાચો ત્યાગ છે જ નહીં. કેમ કે પરનું ગ્રહણ ને પરના ત્યાગથી શૂન્ય પ્રભુ છે. ત્યાગ–ઉપાદાનશૂન્યત્ત્વ શક્તિ તારામાં છે. આહાર–પાણીનો ત્યાગ કે ગ્રહણ તારામાં છે જ નહીં.

ખરેખર ત્યાગ કોને કહે ?–કે અતીન્દ્રિય આનંદના નાથની દ્રષ્ટિ તો થઈ છે ને રાગરૂપે નહીં થનારો મારો જે દ્રવ્યસ્વભાવ છે તે રાગરૂપે થતો નથી એમ દ્રવ્યસ્વભાવમાં ઠરે છે ત્યારે રાગનું પરિણમન છૂટી જાય છે એ રાગનો ત્યાગ છે. ખરેખર તો રાગનો ત્યાગ કરે છે એમ કહેવું એ પણ આત્મામાં નામ માત્ર છે. કેમ કે રાગરૂપે થયો નહીં ને આનંદરૂપે પરિણમતા, આત્મામાં સ્થિર થતાં રાગ ઉત્પન્ન ન થયો તેથી રાગનો ત્યાગ કરે છે એમ કથનમાત્ર છે.

સમ્યગ્દર્શન થતાં દ્રષ્ટિમાં સર્વદોષનો ત્યાગ છે પણ પર્યાયમાં સર્વદોષનો ત્યાગ

થયો નથી. તીર્થંકર પણ જ્યારે મુનિ થાય છે ત્યારે **'नमो सिद्धाणम्'** કહીને અંદરમાં સ્થિર થાય છે ત્યારે રાગનો ત્યાગ થાય છે. રાગ ઉત્પન્ન થતો નથી તેથી ત્યાગે છે એમ કથનમાત્ર છે. સમ્યગ્દ્રષ્ટિ થોડા આનંદમાં રમતાં હતા તે જ્યારે વિશેષ આનંદમાં રમે છે ત્યારે રાગ ઉત્પન્ન થતો નથી તેથી રાગનો ત્યાગ થાય છે એને પચખાણ કહે છે.

આ આત્મા જ્ઞાતા–દ્રવ્ય છે એ જાણન–દેખન પ્રકાશરૂપ છે, તે વિકારી સમસ્ત પરભાવોમાં સ્વભાવભાવ વડે વ્યાપ્ત થતો ન હોવાથી તેને પરપણે જ્ઞાની જાણે છે. મારા સ્વભાવથી પરિણમન કરું એવી ચીજ આ રાગાદિ વિકાર નથી તેથી તેને પરરૂપે જાણીને ત્યાગે છે. અવ્રતનું આચરણ છે તે મારા જ્ઞાતા–દ્રવ્ય સ્વભાવ વડે વ્યાપ્ત થવા લાયક નથી તેથી પરરૂપે જાણીને ત્યાગે છે. તેથી જે પહેલા જ્ઞાનસ્વભાવથી જાણે છે કે રાગાદિ મારા નથી, મારા સ્વભાવ વડે પરિણમવાને તે લાયક નથી—એમ પહેલાં જે જાણે છે તે પછી ત્યાગે છે, એટલે કે જાણે છે તે પોતામાં ઠરી જાય છે.

આ રીતે આત્મામાં પ્રથમ નિશ્ચય કરીને પોતાના સ્વરૂપમાં લીન થવાના કાળમાં પોતાના સ્વરૂપમાં ઠરે છે ત્યારે રાગ થતો નથી, માટે રાગનો ત્યાગ કરે છે એમ કથનમાત્ર છે. પોતાના સ્વરૂપનો અનુભવ થયો ત્યારે એ જ્ઞાનમાં જાણે છે કે અવ્રતાદિના ભાવો મારી પર્યાયમાં છે પણ એને પરરૂપે જાણીને જ્ઞાનસ્વરૂપમાં ઠરી જાય એ રાગનું પચખાણ–પ્રત્યાખ્યાન–ત્યાગ છે. જ્ઞાનનું જ્ઞાનરૂપે પરિણમન થયું ને રાગાદિ છૂટી ગયા તે પ્રત્યાખ્યાન છે.

જ્ઞાનસ્વરૂપી પ્રભુની રાગથી ભિન્નપણે પ્રતીતિ કરવી તે સમ્યગ્દર્શન છે અને આત્માના જ્ઞાનરૂપે પરિણમવું તે જ્ઞાન છે ને રાગને પરરૂપ જાણીને રાગરૂપે ન પરિણમવું ને જ્ઞાનમાં ઠરી જવું તે પ્રત્યાખ્યાન–ચારિત્ર છે. રાગને જાણીને જ્ઞાનસ્વરૂપમાં જ્ઞાન રહી ગયું–ઠરી ગયું ને રાગરૂપ પરિણમવું છૂટી ગયું તે ચારિત્ર છે. પોતાનામાં હજુ રાગ છે એમ જાણ્યું પણ જાણીને અંતરમાં ઠરી ગયો, આત્મારામ આત્મામાં રમી ગયો –ઠરી ગયો તે પ્રત્યાખ્યાન છે.

રાગાદિ ઉપાધિ છે તેનો ત્યાગ એ તો કહેવા માત્ર છે. આત્મારામ છે એ આત્મામાં લીન થયો એને પ્રત્યાખ્યાન કહેવામાં આવે છે. પ્રભુ તારી ચીજ તો શુભા–શુભથી ભિન્ન છે. એ સ્વભાવનું જેને ભાન થયું છે એ સમ્યગ્દ્રષ્ટિને શુભાશુભ છે પણ જાણે છે કે મારો પ્રભુ રાગરૂપે પરિણમે એવો નથી. એમ રાગને પરરૂપે જાણીને આત્મામાં ઠરે ને રાગરૂપે ન પરિણમે તે પ્રત્યાખ્યાન છે.

ભગવાન આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપી પ્રભુ છે. તેનું જેને સમ્યગ્દર્શન-જ્ઞાન છે ને અંશે ચારિત્ર પણ છે પણ ચારિત્ર નામ ધારણ કરે એવું જેને ચારિત્ર નથી, તે રાગને પરપણે જાણે ને જાણીને ત્યાંથી ખસીને જ્ઞાનસ્વરૂપમાં ઠરી જાય એ સમયે રાગનું ન થવું એ પ્રત્યાખ્યાન છે. પરમાર્થથી જોવા જાય તો રાગનો ત્યાગ એ તો નામમાત્ર કથન છે, જ્ઞાન જ્ઞાનમાં જામી ગયું—આત્મા આત્મામાં ઠરી ગયો એ જ પ્રત્યાખ્યાન છે. જેમ પાણી છે એ બરફરૂપે જામી જાય છે તેમ આનંદ સ્વરૂપી ભગવાન આત્માનું આનંદમાં જામી જવું, લીન થઈ જવું, સ્થિર થઈ જવું એ પ્રત્યાખ્યાન છે. પરને પરરૂપે જાણીને જ્ઞાન સ્વઘરમાં લીન થઈ ગયું એ પ્રત્યાખ્યાન છે.—એમ પહેલાં જાણે તો ખરો!

સંતો કહે છે કે રાગનો ત્યાગ કર્યો એ તો નામમાત્ર કથન છે. આનંદનો ઉગ્ર અનુભવ કરવો, આનંદમાં જામી જવું એનું નામ પ્રત્યાખ્યાન-ચારિત્ર છે. આનંદ સ્વરૂપ ભગવાનના પ્રતીતિ ને જ્ઞાન છે ને વિશેષ આનંદ આવે છે ત્યારે રાગરૂપ પરિણમન થતું જ નથી તેથી રાગનો ત્યાગ કહેવો એ તો નામમાત્ર કથન છે. આનંદસ્વરૂપમાં જામી ગયો ત્યારે રાગ થતો નથી તેથી રાગનો ત્યાગ એ તો નામમાત્ર કથન છે. પરમાર્થથી જોતાં તો પોતે એ નામથી પણ રહિત છે. કેમ કે જ્ઞાનસ્વરૂપ ભગવાન જ્ઞાનમાં જામી ગયો તે પરઘરમાં આવ્યો જ નથી, નિજઘરથી છૂટયો જ નથી માટે પ્રત્યાખ્યાન જ્ઞાન જ છે. આત્મા એ જ પ્રત્યાખ્યાન છે. તેથી રાગના અભાવ સ્વભાવ સ્વરૂપ પ્રત્યાખ્યાન એ જ્ઞાન જ છે-આત્મા છે,—એમ અનુભવ કરવો જોઈએ અર્થાત્ નિર્વિકલ્પ સ્વસંવેદનજ્ઞાનનો અનુભવ કરવો જોઈએ.

જ્ઞાનસ્વરૂપ આત્મા છે તે રાગનો ત્યાગ કરે એ નામમાત્ર છે. કેમ કે પોતે તો જ્ઞાનસ્વરૂપ છે, પર્યાયમાં જે રાગનું પરિણમન હતું તે પરરૂપ જાણીને જ્ઞાનસ્વરૂપે પરિણમ્યો ત્યાં રાગરૂપે પરિણમન નથી તે ત્યાગ છે. જ્ઞાનસ્વભાવી પ્રભુ જ્ઞાનરૂપે રહ્યો ને રાગરૂપે પરિણમન ન થયું તે ત્યાગ છે. જ્ઞાનસ્વરૂપી ભગવાન અસ્થિરપણે રાગમાં પરિણમતો હતો, દ્રવ્યસ્વભાવ ન હોવા છતાં પર્યાયમાં રાગનું પરિણમન હતું તેને પરરૂપે જાણીને જ્ઞાન જ્ઞાનસ્વભાવમાં સ્થિર થયું એ જ્ઞાન જ પ્રત્યાખ્યાન છે, એ જ ચારિત્ર છે ને એ જ વીતરાગતા છે.

આત્માનો અચિંત્ય પ્રભાવ:

## છ માસ અભ્યાસ કરે તો જરૂર પ્રાપ્ત થાય જ

હે ભવ્ય જીવ! તને બીજો અકાર્ય કોલાહલ કરવાથી–નકામો કોલાહલ કરવાથી શો લાભ? એ અકાર્યના કોલાહલથી બસ થાઓ, બસ થાઓ. ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનો રસકંદ છે તેને બદલે આ રાગ તે હું—એવા નકામા કોલાહલથી બસ થાઓ. એ તારું કાર્ય નથી પણ એ અકાર્ય કોલાહલ છે. 'પુણ્ય મારા છે'–એ તારું કાર્ય નથી પણ અકાર્ય કોલાહલ છે, તેને તું છોડી દે.

હે ભવ્ય! રાગ એ મારું કાર્ય છે, રાગ તે હું છું–એવો અકાર્ય કોલાહલ છોડી દે. શુભરાગ છે એ પણ તારું કાર્ય નથી, રાગ એ તારું અકાર્ય છે. દયા–દાન–વ્રત–તપ–ભક્તિનો રાગ હો કે ગુણ–ગુણીના ભેદનો વિકલ્પ–રાગ હો પણ એ નકામો કોલાહલ છે. એ કોલાહલથી તને શો લાભ છે પ્રભુ! એ કોલાહલથી તું વિરક્ત થા. પુણ્યના પરિણામના કાર્યથી તું છૂટો થા.

એક ચૈતન્યમાત્ર વસ્તુને તું સ્વયં દેખ. દેખનારા પરિણામ છે પણ દેખવી છે ચૈતન્યમાત્ર વસ્તુ. અનંત ગુણના ભેદને પણ દેખવા નથી, એક ચૈતન્યમાત્ર વસ્તુ છે તેને દેખ. પરને દેખવાની ક્રિયા તો અનંતવાર કરી પણ દેખનારને તેં દેખ્યો નહીં. પર્યાયે પરને દેખ્યા પણ પર્યાયે વસ્તુને–એક ચૈતન્યમાત્ર વસ્તુને નથી દેખી, માટે હવે તું તેને દેખ.

પરિણામને પરિણામ વડે દેખ એમ નહીં પણ પરિણામ વડે ધ્રુવને દેખ. પર્યાયથી પરને તો ન દેખ, પર્યાયને પણ ન દેખ પણ ભગવાન પૂર્ણાનંદનો નાથ પ્રભુ તેને પર્યાયથી દેખ. તેને તું જો. તારી દ્રષ્ટિ ત્યાં લગાવ. છ મહિના આવો અભ્યાસ કર. અંતર્મુખતત્ત્વને અંતર્મુખના પરિણામ વડે દેખ. અંતરમાં પ્રભુ પરમેશ્વર પોતે બિરાજે છે તેને એકવાર છ માસ તો તપાસ કે આ શું છે? બીજી ચપળાઈને ચંચળાઈ છોડી દઈ અંદર ભગવાન પૂર્ણાનંદનો નાથ સિદ્ધસદ્રશ પ્રભુ છે તેને છ માસ તપાસ.

જેમાંથી અનંતી સિદ્ધની પર્યાય પ્રગટ થાય એવા એવા તો અનંતા ગુણનો સાગર પ્રભુ તું છે? જે ભાવે સિદ્ધ થયા તે ભાવ ઉપર પણ તારે નજર કરવાની નથી

પણ જેને અવલંબીને સિદ્ધ થયા એવા નિજભાવને તું દેખ, તેને માટે તું છ માસ તો કાઢ, છ માસ તો તપાસ કે એમ કરવાથી તારા હૃદયસરોવરમાં જેનું તેજ રાગાદિ પુદ્ગલથી ભિન્ન છે એવો આત્મા પ્રાપ્ત થાય છે કે નહિ?

ભાઈ! તારું કર્તવ્ય તો આ છે. જો તારે હિત કરવું હોય તો, જો તારે રખડવું બંધ કરવું હોય તો છ માસ અભ્યાસ કર અને તું દેખ કે તારા હૃદયસરોવરમાં જેનો પ્રકાશ પુદ્ગલથી ભિન્ન છે એવો આત્મા તને પ્રાપ્ત થાય છે કે નહીં? જરૂર પ્રાપ્ત થશે. કેમ કે પોતાની અપ્રાપ્તિ કાંઈ શોભે? પૂર્ણાનંદ ચૈતન્ય વસ્તુને દેખ, છ-માસ તેનો અભ્યાસ કર ને જો કે તને એ આત્મા પ્રાપ્ત થાય છે કે નહીં? પ્રાપ્ત થાય જ. જેને જોવા માટે નજરની નજર છોડીને નિધાનને જોવા છ માસ અભ્યાસ કર્યો તો તેની પ્રાપ્તિ થશે જ, કેમ કે ન પ્રાપ્ત થાય એ એની શોભા નથી, પ્રાપ્ત થાય એ જ એની શોભા છે.

ચૈતન્યના તેજથી ભરેલો પ્રભુ તને પ્રાપ્ત થશે જ. વસ્તુ છે તેના ઉપર આવી નજર છ-છ મહિના સુધી કરે તો એ તને જરૂર પ્રાપ્ત થાય જ, એ એની શોભા છે. અરે! એને જોવાને છ-માસનો વખત તો લે! સંસારને માટે તેં અનંતકાળ આપ્યો ને રખડવાના રસ્તે તેં અનંતકાળ આપ્યો તો હવે છૂટવાના રસ્તે છ-માસ તો કાઢ! તને જરૂર તેની ઉપલબ્ધિ થશે જ, થાય જ.

પંચમકાળ છે ને? અરે ભાઈ! આ તો પંચમઆરાના સાધુએ પંચમઆરાના શ્રોતાને કહ્યું છે કે આ રીતે એક ચૈતન્યમાત્ર વસ્તુને દેખ, એ જરૂર તને પ્રાપ્ત થશે જ, તેની ઉપલબ્ધિ એ જ તેની શોભા છે માટે જરૂર પ્રાપ્ત થાય જ. શુભજોગને તો અહીં પુદ્ગલ કહ્યાં છે. પંચમકાળ હો કે નરકનું ક્ષેત્ર હો કે શરીરનાં આકરા રોગોથી ઘેરાયેલી અવસ્થા હો પણ પોતાની ચીજને પામવામાં એ કોઈ બંધન કરે-નડતર કરે એવું છે જ નહિ.

પંચમઆરાના જીવ શુભભાવથી આગળ ન જઈ શકે ને? ના, એમ નથી. આત્માનો એવો પ્રભાવ છે કે એને કાળ નડતો નથી, એને દેખવાનો છ-માસ પણ અભ્યાસ કરે ને તેની ઉપલબ્ધિ થાય નહીં એમ બને જ નહીં, જરૂર પ્રાપ્ત થાય જ. અભ્યાસ એટલે વાંચન એમ નહીં પણ ત્રિકાળીને જોવાનો અભ્યાસ કર.

પોતે ચૈતન્યસ્વરૂપ ભગવાન છે, તેનો અભ્યાસ કરે તો તેની પ્રાપ્તિ અવશ્ય થાય. પ્રાપ્તની પ્રાપ્તિ કરવી છે તેથી અવશ્ય પ્રાપ્તિ થાય. પોતાનું કાયમી ત્રિકાળી

ચૈતન્ય સ્વરૂપ છે તે તરફનો અભ્યાસ કરે તો તેની પ્રાપ્તિ જરૂર થાય જ. શરીરને તારું કરવા માગીશ તોપણ એ તારું નહીં થાય અને રાગને તારો કરવા માગીશ તો એ પણ તારો નહીં થાય કેમ કે એ તો પુદ્ગલસ્વરૂપ છે. પરંતુ તારો જે ચૈતન્યસ્વભાવ મૌજૂદ છે તેને તારો કરવા માગીશ તો તેની પ્રાપ્તિ થશે જ. રાગ એ પરવસ્તુ છે. તેને તારો કરવા માગીશ તો નહીં થાય, કેમ કે તારો ગુણસ્વભાવ પવિત્ર છે તેથી અપવિત્ર એવો રાગ કદી તારો નહીં થાય. ચૈતન્ય ભગવાનમાં પુદ્ગલના પરિણામ એવા રાગને તારા કરવા માગીશ તો એ નહીં થાય.

તારું ભગવત્-સ્વરૂપ મોજૂદ છે પણ એને તું ભૂલી ગયો છે. પરંતુ જ્ઞાયકભાવને ચેતીને—જાણકભાવથી દેખે તો પાસે જ છે. જાગૃત થઈને જાગૃતવસ્તુને દેખે તો ત્યાં જ તે મોજૂદ છે. રાગને જોતાં જોતાં અનંતકાળ ગાળ્યો પણ રાગ તારો થયો નહીં પણ હવે ચેતીને તને દેખ તો એ તારી પાસે જ છે.

અહીં છ–માસનો અભ્યાસ કહ્યો તેથી એટલો જ વખત લાગે તેમ ન સમજવું. ખરેખર તો એક સમયમાં પ્રાપ્ત થાય છે પણ ઉપયોગ અસંખ્ય સમયનો હોવાથી અંતર્મુહૂર્તમાં પ્રાપ્ત થાય છે. પરંતુ શિષ્યને કઠિન લાગતું હોય તો કહે છે કે છ–માસથી વધુ કાળ નહીં લાગે માટે જ્ઞાયક ભગવાનની લગની લગાવ. નિષ્પ્રયોજન કોલાહલ છોડીને-શુભભાવ પણ નિષ્પ્રયોજન કોલાહલ છે તેને છોડીને—સ્વમાં લાગી જવાથી જલ્દી સ્વરૂપની પ્રાપ્તિ થશે જ, શુભજોગથી જુદો પડીને જરૂર પ્રાપ્ત થશે જ—એની સંતો ખાતરી આપે છે.

તું મોજૂદ ચીજ છો ને પ્રભુ! મોજૂદ છે તેને પ્રાપ્ત કરવી છે ને! માટે જરૂર પ્રાપ્ત થશે. રાગ હોવા છતાં આ વસ્તુ પૂરણ છે એવો વિશ્વાસ લાવવો જોઈએ. પર્યાય સ્વભાવ સન્મુખ થાય ત્યારે એના વિશ્વાસમાં આવે કે વસ્તુ પૂર્ણાનંદ સ્વરૂપ છે. પંચમકાળમાં પણ જો તું શુભજોગથી જુદો પડીને આમાં-સ્વમાં લાગી જાય તો શુભ-જોગથી ભિન્ન એવા આત્માની તને ઉપલબ્ધિ જરૂર થશે જ, કેમ કે જાગતો જીવ ઊભો છે ને! તે ક્યાં જાય? એ તને જરૂર પ્રાપ્ત થશે જ. એવો સંતોનો ઉપદેશ છે.

# ❀ રંગ-રાગ ને ભેદથી પણ ભિન્ન આત્મા કોણ છે? ❀

આ રંગ–રાગ ને ભેદ જીવ નથી તો જીવ કોણ છે?—એમ જેને પ્રશ્ન થયો છે, એમ જે સમજવા માગે છે તેને આ ઉત્તર આપવામાં આવે છે.

જે અનાદિ અનંત છે ને જે કદી ચળાચળરૂપ અર્થાત્ રાગરૂપ થયો નથી અર્થાત્ ચૈતન્યપણાથી અન્યપણે થયો નથી તે ચૈતન્યસ્વભાવ ચૈતન્યપરિણતિથી જણાય એવો સ્વસંવેદ્ય છે. અનાદિ અનંત ને અચળ ચૈતન્યસ્વભાવ છે. પણ એ વર્તમાનમાં જણાય શી રીતે?–કે એ સ્વસંવેદ્ય છે એટલે કે જ્ઞાન ને આનંદની નિર્મળ પર્યાય દ્વારા જાણી શકાય છે. અનાદિ અનંતકાળ રહેનારું ને વર્તમાન પણ અચળ રહેનારું જે ચૈતન્યતત્ત્વ તે વર્તમાન નિર્મળ પરિણતિ દ્વારા જણાય એવું છે. વળી તે પ્રગટ છે. ચૈતન્યજ્ઞાયક તો પ્રગટ છે. કોને?–કે જાણ્યો છે તેને. પર્યાયની અપેક્ષાએ અવ્યક્ત છે પણ દ્રવ્યની અપેક્ષાએ વ્યક્ત–પ્રગટ છે. જેવો છે એવો બિરાજમાન છે, પ્રગટ છે, પ્રસિદ્ધ છે, નિર્મળ પરિણતિ દ્વારા પ્રગટ છે—છૂપું રહે એવું એ તત્ત્વ નથી. પરોક્ષ ને અપ્રગટ કોને છે?–કે રાગની રમતમાં પડયો છે તેને. જે વ્યવહારરત્નત્રયના રાગની રમતમાં પડયો છે તેને વસ્તુ અપ્રગટ છે, ગુપ્ત છે, છતાં વસ્તુ છે તે રાગરૂપે થઈ નથી. નિર્મળ પરિણતિ દ્વારા, જે દયા–દાનની પરિણતિમાં ગુપ્ત હતી તે વસ્તુ પ્રગટ થાય છે—છૂપી રહેતી નથી. જ્ઞાન–દર્શનની પરિણતિ દ્વારા એ પ્રત્યક્ષ ને પ્રગટ છે. રાગ છે એ તો કજાત છે, કજાતથી ચૈતન્યજાત પ્રગટ ન થાય. રાગ વિનાની નિર્મળ પરિણતિ દ્વારા ચૈતન્ય જણાય છે.

અનાદિ–અનંત, ચળાચળ રહિત, સ્વસંવેદ્ય ને પ્રગટ છે એ કોણ છે?–કે એ આ ચૈતન્ય છે. સર્વજ્ઞ પરમાત્મા છે એ એમ કહે છે કે સર્વજ્ઞસ્વરૂપ ને વીતરાગસ્વરૂપ આત્મા છે અને તે ચૈતન્યપરિણતિ દ્વારા, વીતરાગી પરિણતિ દ્વારા જણાય એવો છે. આ ચૈતન્ય છે તે અનાદિ–અનંત છે, ચળાચળ રહિત છે, સ્વસંવેદ્ય છે ને વીતરાગી પરિણતિ દ્વારા પ્રગટ છે. ત્રણે કાળે જિનબિંબ સ્વરૂપ છે ને દરેક કાળે ચૈતન્ય પરિણતિ દ્વારા જણાય એવો છે. ભગવાનનો આવો પોકાર છે.

એ ચૈતન્યસ્વભાવ અત્યંતપણે ચકચકાટ પ્રકાશી રહ્યો છે. ભાઈ! તને રાગના અંધારામાં એ ચૈતન્ય ચકચકાટ જણાતો નથી. ચૈતન્યસ્વભાવથી સ્વયં ચકચકાટ પ્રકાશી રહ્યો છે, એ પોતે જ જીવ છે. રંગ–રાગ ને ભેદથી ભિન્ન જીવ કોણ છે?–એવા પ્રશ્નનો ઉત્તર કહે છે ને!—તેથી કહે છે કે ચૈતન્યસ્વભાવથી અત્યંતપણે ચકચકાટ પ્રકાશી રહ્યો છે તે પોતે જ જીવ છે. અનાદિ–અનંત, ચળાચળ રહિત, સ્વસંવેદ્ય સદા પ્રગટ તથા ચૈતન્યસ્વભાવે અત્યંતપણે ચકચકાટ પ્રકાશી રહ્યો છે તે જીવ છે.—એમ જેને અંદર પ્રતીતિમાં યથાર્થ જણાય ત્યારે તેણે આત્માને જાણ્યો કહેવાય.

–શ્રી સમયસાર શ્લોક ૪૧ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી.

## આજે જ કરી લેવા જેવું કાર્ય કાલ પર છોડીશ નહિ

પરથી વિરક્તતા નથી, વિભાવની તુચ્છતા લાગતી નથી, અંદર એટલી તાલાવેલી નથી; કાર્ય ક્યાંથી થાય? અંદર તાલાવેલી જાગે તો કાર્ય થયા વિના રહે જ નહિ. પોતે આળસુડો થઈ ગયો છે. 'કરીશ, કરીશ' કહે પણ કરતો નથી. કોઈ એવા આળસુ હોય કે જે સૂતા હોય તો બેઠા થાય નહિ, અને બેઠા હોય તો ઊભા થવાની આળસ કરે, તેમ તાલાવેલી વિનાના આળસુ જીવો 'કાલ કરીશ, કાલ કરીશ' એમ મંદપણે વર્તે છે; ત્યાં કાલની આજ થાય નહિ ને જીવન પૂરું થઈ જાય. ૨૭૭

('બહેનશ્રીનાં વચનામૃત' ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી)

ભગવાન આત્મા પરદ્રવ્યથી ને પરદ્રવ્યની પર્યાયથી તો ભિન્ન છે જ પણ આત્માની ઉત્પાદ–વ્યયની પર્યાયથી પણ ધ્રુવ ભિન્ન છે. તેના બદલે સ્ત્રીનું કરું, છોકરાનું કરું, ધંધો કરું, એમ 'કરું કરું' માં આ જીવન ચાલ્યું જાય છે અરેરે! તેથી કહે છે કે પરની વિરક્તતા નથી તેથી અંદર આવે ક્યાંથી?

શરીરના પરમાણુની જે ઉત્પાદ–વ્યયની જે ક્રિયા થાય છે તેનાથી એ પરમાણુની ધ્રુવતા ભિન્ન છે. ઉત્પાદ–વ્યય ઉપર ઉપર છે, ધ્રુવમાં ઉત્પાદ–વ્યય નથી. એવી રીતે કર્મના પરમાણુમાં પણ તેના ઉત્પાદ–વ્યયથી તેની ધ્રુવતા ભિન્ન છે. કર્મના ઉદયથી રાગ–દ્વેષ ભિન્ન છે ને રાગનાં કાળમાં પણ જ્ઞાનની પર્યાય ભિન્ન છે અને જ્ઞાનની પર્યાયથી અંદરમાં ધ્રુવ ભગવાન ભિન્ન છે.

પરથી વિરક્તતા અને વિભાવની તુચ્છતા આવ્યા વિના અંદર આવી શકે નહીં. સ્ત્રી, પુત્ર, પૈસા આદિથી અમે વધ્યા છીએ એમ માને તે મૂઢ છે. જેને પરદ્રવ્યની વિરક્તતા લાગતી નથી, રાગાદિ વિભાવની તુચ્છતા લાગે નહીં ને અંદર એટલી તાલાવેલી અર્થાત્ ઉત્કંઠા જાગે નહીં તે અંદર ક્યાંથી જઈ શકે? દયા–દાન આદિ મેં કર્યા, વ્રત–તપ આદિ મેં કર્યા–એમ લાગે તેને વિભાવની તુચ્છતા કેમ લાગે? ને વિભાવની તુચ્છતા ન લાગે તો પર્યાયની પાછળ સચ્ચિદાનંદ પ્રભુ બિરાજે છે તેની ઉત્કંઠા ન જાગે, તેથી તેને કાર્ય

ક્યાંથી થાય? પરદ્રવ્યથી હું ભિન્ન છું, વિભાવથી પણ હું ભિન્ન છું ને ઉત્પાદ–વ્યયની પર્યાયથી પણ હું ભિન્ન છું–એવી ઉત્કંઠા જાગે નહીં તે સ્વયં આળસુ થઈ ગયો છે. તેને કાર્ય ક્યાંથી થાય? ભગવાન આનંદનો નાથ પ્રભુ બિરાજે છે પણ એ તરફનો પુરુષાર્થ કરતો નથી ને આળસુડો થઈ ગયો છે. ધંધો સારો ચાલે ત્યાં તો 'હું પહોળો ને શેરી સાંકડી' એમ થઈ જાય છે. અરેરે! પાગલની પેઠે જિંદગી ચાલી જાય છે.

પ્રભુ અંદર આનંદકંદ ચીજ છે પણ શુભાશુભના પ્રેમમાં તું ત્યાં જવાને માટે આળસુડો–પ્રમાદી થઈ ગયો છે. તેથી જ્યાં જવાનું છે ત્યાં જવા માટે પુરુષાર્થ કર્યો નથી. હું આત્માનું કાર્ય કરીશ, સમ્યગ્દર્શન કરીશ–એમ કરીશ કરીશ કરે પણ કરતો નથી. ભગવાન આત્મા આનંદનો નાથ પરમાત્મસ્વરૂપ બિરાજમાન છે પણ તેના તરફના પુરુષાર્થમાં આળસુ થયેલો જીવ 'કાલે કરીશ, કાલે કરીશ' એમ મંદપણે વર્તે છે ને કાલની આજ થાય નહીં એ રીતે એમ ને એમ જીવન ચાલ્યું જાય છે ને દેહ છૂટી જતાં રખડવા ચાલ્યો જાય છે. * * *

(સ્વસમયમાં પ્રવર્તવું...પાનું ૨ થી ચાલુ)

શુદ્ધ ચૈતન્ય ભગવાન આત્મા આવ્યો હતો, દૃષ્ટિમાં જેવો વીતરાગ સ્વરૂપી શુદ્ધ ચૈતન્ય આવ્યો હતો તેનું વીતરાગપણે પર્યાયમાં પ્રકાશવું તે ધર્મ છે.

તે જ યથાસ્થિત આત્મગુણ હોવાથી સામ્ય છે–સમતા છે. મિથ્યાત્વ ને અસ્થિરતાના અભાવને લીધે દર્શનમોહનીય ને ચારિત્રમોહનીયના ઉદયથી ઉત્પન્ન થતાં સમસ્ત મોહ ને ક્ષોભનો અભાવ હોવાથી સામ્યભાવ એ જીવનો પરિણામ છે.

(—શ્રી પ્રવચનસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી)

## હા પાડતાં હાલત થાય

જે પરમાણુની પર્યાય જે કાળે જે ક્ષેત્રે તેના જન્મક્ષણે ષટ્કારકથી પરિણમે છે તેને કોણ કરે ને કોણ ફેરવે? આ રીતે જ દરેક દ્રવ્યનું સ્વતંત્ર પરિણમન છે. ખરેખર તો સ્વદ્રવ્ય પરદ્રવ્યને અડતું જ નથી. આત્મા શરીરને અડતો જ નથી કે હાથ-પગને હલાવતો નથી. શરીર જમીનને અડતું જ નથી. આવી વસ્તુની સ્વતંત્રતા છે. આવી સ્વતંત્રતાની હા પાડતાં, લત પડતાં હાલત થાય છે.

–પૂજ્ય ગુરુદેવશ્રી

# અસીમ-અમર્યાદિત આત્મસ્વભાવ

બહારનાં બધાં કાર્યમાં સીમા–મર્યાદા હોય. અમર્યાદિત તો અન્તર્જ્ઞાન અને આનંદ છે. ત્યાં સીમા–મર્યાદા નથી. અંદરમાં–સ્વભાવમાં મર્યાદા હોય નહિ. જીવને અનાદિ કાળથી જે બાહ્ય વૃત્તિ છે તેની જો મર્યાદા ન હોય તો તો જીવ કદી પાછો જ ન વળે, બાહ્યમાં જ સદા રોકાઈ જાય. અમર્યાદિત તો આત્મસ્વભાવ જ છે. આત્મા અગાધ શક્તિનો ભરેલો છે. ૨૮૧.

('બહેનશ્રીનાં વચનામૃત' ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી)

દેહની સ્થિતિ, રાગની સ્થિતિ–એ બધું મર્યાદિત છે. સંયોગની સ્થિતિ પણ મર્યાદિત છે, કાયમી ચીજ નથી. કર્મની સ્થિતિ પણ સીમ–મર્યાદિત છે. તેમ જ આત્મામાં થતાં પુણ્ય–પાપના ભાવ પણ સીમ–મર્યાદિત છે. અરે! મતિ–શ્રુત તથા કેવળજ્ઞાનની પર્યાય પણ એક સમયની મર્યાદાવાળા છે, અમર્યાદિત તો અંતરમાં જ્ઞાનસ્વરૂપ જ્ઞાયકભાવ છે.

જ્ઞાયકભાવ અમર્યાદિત છે ને અંતરમાં જ્ઞાન ને આનંદ અસીમ છે. જેમ આકાશના ક્ષેત્રની મર્યાદા નથી કે અહીં ક્ષેત્ર–આકાશ પૂરું થાય, તેમ અંતરમાં જ્ઞાન ને આનંદ અમર્યાદિત છે. નિયમસારની ૩૮મી ગાથામાં કહ્યું છે કે સંવર–નિર્જરા તથા મોક્ષની પર્યાય નાશવાન છે, એક સમયની છે ને ભગવાન આત્મા અવિનાશી છે.

દેહની સ્થિતિ પણ મર્યાદિત છે, કર્મની સ્થિતિ પણ મર્યાદિત છે ને વિકારની સ્થિતિ પણ મર્યાદિત છે. પોતાની પર્યાયમાં જે કાર્ય થાય છે એ પણ મર્યાદિત છે. અહીં વિકારને મર્યાદિત સિદ્ધ કરવું છે. અંદરમાં એટલે કે સ્વભાવમાં મર્યાદા ન હોય. પ્રભુત્વ સ્વભાવ, જ્ઞાનસ્વભાવ આદિ ત્રિકાળી સ્વભાવની મર્યાદા ન હોય. ધર્મીની દ્રષ્ટિ એ અમર્યાદિત સ્વભાવ ઉપર હોય છે. બહારના કાર્યમાં ધર્મી દેખાય પણ એ તો અમર્યાદિત સ્વભાવમાં ઝૂલે છે, ત્યાં તેની દ્રષ્ટિ ચોંટી ગઈ હોય છે.

કેવળજ્ઞાનપર્યાય અનંત અનંત કાળ નીકળે તોપણ વસ્તુ તો અમર્યાદિત છે. અનાદિથી જે પુણ્ય–પાપ, દયા–દાન આદિ ભાવ પર્યાયમાં થાય છે તેની મર્યાદા છે, જો મર્યાદા ન હોય તો ત્યાંથી ખસીને સ્વભાવમાં આવી ન શકે. જીવને અનાદિથી જે બાહ્ય વિકલ્પ–

વૃત્તિ છે એ નાશવાન ચીજ છે, મર્યાદિત છે, જો મર્યાદિત ન હોય તો તેનાથી વિમુખ ન થઈ શકે.

દેહાદિ બાહ્યની ચીજની સ્થિતિ તો એનામાં રહી પણ અહીં જે શુભાશુભ વિકાર થાય છે તેની સ્થિતિ જો મર્યાદિત ન હોય, અમર્યાદિત હોય તો તેનાથી વિમુખ શી રીતે થાય? પરંતુ વિભાવભાવ સીમ–મર્યાદિત છે. લોકાકાશને મર્યાદા છે, હદ છે, તેમ વિભાવભાવ મર્યાદિત છે. મર્યાદિત ન હોય તો તો જીવ વિભાવથી કદી પાછો જ ન વળી શકે.

પાતાળ–કૂવાની પણ હદ છે, અમૂક ઠેકાણે મર્યાદા આવી જાય છે પણ ભગવાન આત્માનો સ્વભાવ તો અમર્યાદિત છે ને વિભાવભાવ મર્યાદિત છે. તેથી મર્યાદિત ભાવથી વિમુખ થઈ શકે છે. વિભાવરૂપ ભાવ અમર્યાદિત ન હોઈ શકે. વિભાવરૂપ ભાવમાં અમર્યાદિત સ્વભાવ ન આવી શકે. એક એક ગુણ–જ્ઞાન, આનંદ, જીવતર આદિ—અંદર અમર્યાદિત સ્વભાવવાળા છે.

અરે! આ મારો આત્મા કે જે પરને મારા માની માનીને પરમાં હોશું કરીને રખડી રહ્યો છે, તેનું હિત કરવું હોય તેની આ વાત છે. વિભાવભાવ મર્યાદિત છે તેથી ત્યાંથી હઠી શકે તેમ છે. ભગવાન આત્મા અમર્યાદિત સ્વભાવવાળો છે. એ સ્વભાવનું જેણે માપ લીધું–જ્ઞાન કર્યું એ પર્યાય પણ મર્યાદિત છે. અમર્યાદિત તો આત્મસ્વભાવ જ છે, કેમ કે કોઈ કાળે પણ સ્વભાવની શક્તિ પૂરી થઈ ગઇ એમ નથી.

ભગવાન આત્મામાં અનંત શક્તિ છે. તેમાં આ છેલ્લી શક્તિ એવો અંત નથી, છતાં તેની નજર ન કરતાં આ જીવ બાહ્યચીજની આશ્ચર્યતામાં રોકાઈને રખડી રહ્યો છે. પરંતુ એ ચીજ પણ મર્યાદિત સ્વભાવવાળી છે. જો મર્યાદિત ન હોય તો તો સદાય બાહ્યમાં જ જીવ રોકાઈ રહે.

આત્માની શક્તિ તો અનંત છે. એ અનંત શક્તિનો સંખ્યાથી તો અંત નથી પણ ભાવથી પણ શક્તિની મર્યાદા નથી. ભલે ક્ષેત્રથી અંત આવી ગયો કે અસંખ્ય પ્રદેશમાં છે, પરંતુ ભાવથી તો અમર્યાદિત સ્વભાવ છે. આકાશના પ્રદેશોનો અંત નહીં ને તેના કરતાં અનંતગુણા જીવના ગુણો છે. ગુણોની સંખ્યા તો અમર્યાદિત છે પણ એક એક ગુણનો ભાવ–શક્તિ અમર્યાદિત છે. એવા આત્માની જેને દૃષ્ટિ થઈ તેને અંદરમાં શું કામ કરે છે તેની અજ્ઞાનીને ખબર પડતી નથી. ભગવાન આત્માના ગુણની સંખ્યાની તો મર્યાદા નથી પણ એક એક ગુણના ભાવની પણ મર્યાદા નથી. આત્મા તો અગાધ શક્તિથી ભરેલો છે, તેની દૃષ્ટિ કર–એ જ કરવાનું છે.

## એક સાથે ત્રણપટી (-ત્રણ વિશેષતાવાળી) સાધકની દશા

જોકે દૃષ્ટિ–અપેક્ષાએ સાધકને કોઈ પર્યાયનો કે ગુણભેદનો સ્વીકાર નથી તોપણ તેને સ્વરૂપમાં ઠરી જવાની ભાવના તો વર્તે છે. રાગાંશરૂપ બહિર્મુખતા તેને દુઃખરૂપે વેદાય છે અને વીતરાગતાઅંશરૂપ અંતર્મુખતા સુખરૂપે વેદાય છે. જે આંશિક બહિર્મુખ વૃત્તિ વર્તતી હોય તેનાથી સાધક ન્યારો ને ન્યારો રહે છે. આંખમાં કણું ન સમાય તેમ ચૈતન્યપરિણતિમાં વિભાવ ન સમાય. જો સાધકને બહારમાં—પ્રશસ્ત–અપ્રશસ્ત રાગમાં–દુઃખ ન લાગે અને અંદરમાં–વીતરાગતામાં–સુખ ન લાગે તો તે અંદર કેમ જાય? ક્યાંય રાગ વિષે 'રાગ આગ દહે' એમ કહ્યું હોય, ક્યાંક પ્રશસ્ત રાગને 'વિષકુંભ' કહ્યો હોય, ગમે તે ભાષામાં કહ્યું હોય, સર્વત્ર ભાવ એક જ છે કે–વિભાવનો અંશ તે દુઃખરૂપ છે. ભલે ઊંચામાં ઊંચા શુભભાવરૂપ કે અતિસૂક્ષ્મ રાગરૂપ પ્રવૃત્તિ હોય તોપણ જેટલી પ્રવૃત્તિ તેટલી આકુળતા છે અને જેટલો નિવૃત્ત થઈ સ્વરૂપમાં લીન થયો તેટલી શાંતિ અને સ્વરૂપાનંદ છે. ૨૯૫.

('બહેનશ્રીનાં વચનામૃત' ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી)

જેને રાગની એકતા પડી છે એ તો એકાંત દુઃખી છે. ભગવાન આનંદસ્વરૂપ છે તેની સાથે રાગના નાનામાં નાના કણની એકત્વબુદ્ધિ છે તે તો એકાંત દુઃખી છે, ભલે તે અબજોપતિ શેઠિયો હોય. વિભાવના ભાવને એકપણે અનુભવે તે સંસારી મિથ્યાદૃષ્ટિ એકાંત દુઃખી છે. જેને આનંદનો નાથ સહજાત્મપ્રભુ દૃષ્ટિમાં આવ્યો નથી ને જેની રાગાદિની બાહ્યદૃષ્ટિ છે તે દ્રવ્યલિંગી સાધુ હોય તોપણ રાગની એકતામાં દુઃખી છે.

અહીં તો સાધક જીવની વાત લીધી છે કે જોકે દૃષ્ટિની અપેક્ષાએ સાધકને આનંદની પર્યાયનો કે દુઃખની પર્યાયનો કે ગુણભેદનો સ્વીકાર નથી. દૃષ્ટિનો વિષય તો નિર્વિકલ્પ અભેદ જ્ઞાયક વસ્તુ છે. તેથી દૃષ્ટિમાં તો કોઈ પણ પર્યાય કે ગુણભેદનો સ્વીકાર નથી.

તોપણ હું ક્યારે સ્વરૂપમાં ઠરી જાઉં એવી ભાવના હોય છે. અંતરમાં ઠરવાની જ સાધકની ભાવના હોય છે.

બાહ્ય ચીજો સુખરૂપ કે દુઃખરૂપ નથી, એ તો જ્ઞેય છે, પણ સ્વરૂપની એકતા નથી ને રાગની એકતા છે તે એકલું દુઃખ છે. ધર્મીને આત્માના આશ્રયે જેટલો આનંદ પ્રગટયો છે એટલું સુખ છે ને જેટલો રાગનો અંશ બાકી છે એટલું દુઃખ છે. અરે! છઠ્ઠે ગુણસ્થાને પણ જેટલો રાગ આવે છે તે દુઃખનું વેદન છે એમ જ્ઞાનીને જણાય છે.

સાધકપણું થતાં અનંતાનુબંધી રાગ છૂટી ગયો છે પણ હજી બહિર્મુખતાનો જેટલો રાગાંશ બાકી રહ્યો છે તે દુઃખ છે. રામચંદ્ર જેવા પુરુષોત્તમ પુરુષ ધર્માત્મા પણ લક્ષ્મણને શક્તિ વાગતાં તે મૂર્ચ્છિત થાય છે ત્યારે કલ્પાંત કરે છે. એ શું છે?–એ રાગ છે, દુઃખનું વેદન છે. ગૃહસ્થાશ્રમમાં ઋષભદેવભગવાને લોકોને કર્મભૂમિ વિશે કૃષિ આદિ શીખવ્યું, એવો રાગનો અંશ આવ્યો હતો પણ એ દુઃખરૂપે વેદાય છે.

શાંતિનાથ, કુંથુનાથ, અરનાથ તીર્થંકર કામદેવ ને ચક્રવર્તીપદે હતા ને પરણવાનો વિકલ્પ આવે છે. એ શું છે? જ્ઞાનધારા સાથે આટલી કર્મધારા છે તે દુઃખરૂપ વેદાય છે તથા વીતરાગતાનો અંશ છે એ આનંદરૂપે વેદાય છે. સમકિતીને રાગાંશ ને વીતરાગતા વેદાય છે પણ દ્રષ્ટિની અપેક્ષાએ ધર્મી રાગથી ન્યારો ને ન્યારો રહે છે. જેમ આંખમાં કણું ન સમાય ને ખટક ખટક ખટકયા કરે તેમ ધર્મીને રાગાંશનું વેદન હોવા છતાં ચૈતન્યપરિણતિમાં રાગાંશ ન સમાય.

રાગના વેદનની પર્યાય હોવા છતાં દ્રષ્ટિનું જોર હોવાથી સાધક તેનાથી ન્યારો ને ન્યારો રહે છે. અનંત ગુણનો ભંડાર ભગવાન આત્મા દ્રષ્ટિમાં આવ્યો તેને રાગનું વેદન પર્યાયમાં હોવા છતાં એ મારું સ્વરૂપ નથી–એમ ધર્મી તેનાથી ન્યારો રહે છે. જેમ આંખમાં કણું ન સમાય તેમ ચૈતન્યપરિણતિમાં વિભાવ ન સમાય. ભગવાન ચૈતન્યસ્વરૂપ છે, તેનું પરિણમન તો આનંદ ને શાંતિ છે. તેથી પર્યાયમાં રાગનું પરિણમન હોવા છતાં એ મારા સ્વભાવનું પરિણમન નથી.

જ્ઞાનીને રાગની પર્યાય વેદનમાં છે, છતાં દ્રવ્યસ્વભાવ અપેક્ષાએ એ મારામાં નથી. રાગનું વેદન છે એ મારી પર્યાયમાં છે, છતાં દ્રવ્યસ્વભાવ અપેક્ષાએ જે વિભાવ છે એ મારામાં નથી. સાધકને શુભરાગ ને અશુભરાગ આવે છે. જ્ઞાની ધંધામાં બેઠો હોય ત્યારે ધંધાના એ જાતના અશુભ પરિણામ તો આવે અને દેવ–શાસ્ત્ર–ગુરુની ભક્તિ –વિનય વંદનાનો શુભરાગ આવે છે છતાં દ્રષ્ટિની અપેક્ષાએ તો એ જ્ઞાયકમાં વર્તે છે.

ઋષભદેવ ભગવાન મોક્ષ પધારે છે ત્યારે ભરત ચક્રવર્તી રડે છે કે અરેરે! પ્રભુનો

આ ભરતક્ષેત્રમાં વિરહ પડયો; તો એ રાગનું દુઃખ વેદાય છે પણ પોતાના દ્રવ્યસ્વભાવની અપેક્ષાએ એ મારી ચીજ નથી. સાધકને જો શુભાશુભ રાગમાં દુઃખ ન લાગે અને અંદરમાં સુખ ન લાગે તો ધર્મી અંદર આત્મામાં કેમ જાય? સાધકને બહિર્મુખતાનો રાગ આવે પણ એને જો દુઃખ ન લાગે તો અંદરમાં કેમ જાય? દૃષ્ટિમાં તો આખું જ્ઞાયક વર્તે છે પણ બાહ્યમાં જો દુઃખ ન લાગે તો તે અંદરમાં કેમ જાય?

રાગને છહઢાળામાં 'રાગ આગ દહે' કહ્યું છે, ક્યાંક 'વિષકુંભ' કહ્યો છે. ગમે તેવો પ્રશસ્ત–શુભ રાગ હો પણ એ 'વિષકુંભ' છે. ક્યાંક રાગને અગ્નિ કહે કે ઝેર કહે, ગમે તે ભાષામાં કહ્યું હોય પણ સર્વત્ર એક જ ભાવ છે કે વિભાવનો અંશ તે દુઃખરૂપ છે. અતીન્દ્રિય આનંદના નાથના અવલંબે અતીન્દ્રિય આનંદનો અનુભવ આવ્યો તોપણ જેટલો વિભાવનો અંશ છે એટલો દુઃખરૂપ છે. ઊંચામાં ઊંચો શુભભાવ કે જેનાથી તીર્થંકર પ્રકૃતિ બંધાય પણ એ ભાવ તો ઝેર છે.

ભગવાન અમૃતનું વૃક્ષ છે ને પ્રકૃતિબંધ પડે છે એ વિષવૃક્ષ છે, એનો જે અંદર ભાવ થયો એ દુઃખરૂપ છે. ઊંચામાં ઊંચો શુભભાવ હો કે ગુણગુણીના ભેદરૂપ અતિ સૂક્ષ્મ રાગ હો, દ્રવ્ય–ગુણ ને પર્યાયના ભેદના વિકલ્પરૂપ અતિસૂક્ષ્મ રાગની પ્રવૃત્તિ હો પણ જેટલી રાગની પ્રવૃત્તિ છે તેટલી આકુળતા છે ને જેટલો સ્વરૂપમાં સ્થિર થયો એટલી શાંતિ છે. જ્ઞાયકના આશ્રયે જેટલો રહ્યો એટલી શાંતિ છે.

ધંધા આદિ પ્રવૃત્તિ તો જીવ કરી શકતો જ નથી પણ એનામાં થઈ શકે છે એવા રાગરૂપ પ્રવૃત્તિ–ભલે તે અતિસૂક્ષ્મ રાગ હો, ઊંચો શુભરાગ હો પણ જેટલી પ્રવૃત્તિ છે તેટલું દુઃખ છે. ધંધાદિ અશુભરાગ એ તો તીવ્ર ઝેર છે, દેવ–શાસ્ત્ર–ગુરુની ભક્તિનો શુભરાગ એ પણ ઝેર છે પણ ગુણ ગુણીના ભેદરૂપ સૂક્ષ્મ રાગ છે એ સૂક્ષ્મ ઝેર છે ને સ્વરૂપમાં જેટલી લીનતા છે તેટલી શાંતિ ને સ્વરૂપાનંદ છે.

## પોતાના પ્રભુના ભાન વિના...

પોતાની ચીજ અખંડ આનંદકંદ ચૈતન્ય છે તેની જેને ખબર નથી તે બધા ચાલતા મડદા છે. પછી ભલે તે કરોડોપતી કે મોટો રાજા હોય, પણ પોતાની ચૈતન્યલક્ષ્મીનું ભાન નથી તે બધા ચાલતાં મડદા છે. દુનિયાના ડાહ્યા થઈને પાંચ–પચ્ચીસ લાખ કમાતા હોય કે લૌકિક બુદ્ધિના ખાં થઈને ફરતા હોય પણ તે પોતાના પ્રભુના ભાન વિના, પોતાની મહાનતાના ભાન વિના, નરકાદિના અનંત અનંત દુઃખોને ભોગવવાના, કે જે દુઃખોનું વર્ણન કરોડો જીભ વડે કરોડો ભવ સુધી કહે તોપણ કહી શકાય નહિ એવા અનંત દુઃખોને પોતાના પ્રભુના ભાન વિના ભોગવવા પડશે.

# જીવનમાં ઘૂંટાઈ જવું જોઈએ કે...

તારું કાર્ય તો તત્ત્વાનુસારી પરિણમન કરવું તે છે. જડનાં કાર્યો તારાં નથી. ચેતનનાં કાર્યો ચેતન હોય. વૈભાવિક કાર્યો પણ પરમાર્થે તારાં નથી. જીવનમાં એવું જ ઘૂંટાઈ જવું જોઈએ કે જડ અને વિભાવ તે પર છે, તે હું નથી. ૨૯૭.

('બહેનશ્રીનાં વચનામૃત' ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી)

પુણ્ય–પાપના ભાવ તો અનાદિના થયા છે ને તેનાથી સંસારનું ભ્રમણ પણ થયું છે. હવે જો તારે ભ્રમણ મટાડવું હોય તો તત્ત્વને અનુસરીને પરિણામ કરવાં. એ કાર્ય તારું છે. ધંધા આદિનું વાણીનું કાર્ય એ કાંઈ તારું કાર્ય નથી. એ તો પરદ્રવ્યનું કાર્ય છે. જડના એટલે કે પરદ્રવ્યોનાં કાર્ય તારાં નથી. જો તારે હિતનું કાર્ય કરવું હોય, પરમ પદાર્થ પરમાત્મપ્રભુ પ્રાપ્ત કરવો હોય તો જ્ઞાનસ્વરૂપે ભરેલો, અકષાયસ્વરૂપે ભરેલો ભગવાન છે તેને અનુસરીને પરિણમવું એ તારું કાર્ય છે.

ભગવાન પરમાનંદ સ્વરૂપ છે, એને અનુસરીને થાય એ તારું કાર્ય છે. હોઠ હલે, હાથ હલે એ બધા જડનાં કાર્ય છે. તારા અસ્તિત્વના લઈને એ કાર્ય થયા નથી. શરીર–વાણીનું કાર્ય એ તો તારું કાર્ય છે જ નહીં પણ અંદર જે મહાવ્રતાદિના ભાવ થાય એ પણ તારું કાર્ય નહીં.

ચૈતન્યને અનુસરીને શુદ્ધ પરિણમન થવું એ તારું કાર્ય છે. જ્ઞાતા–દ્રષ્ટા ભગવાનમાં પ્રતિકૂળ–વિભાવભાવ થાય એ તારું કાર્ય નહીં. ચેતનનું કાર્ય તો ચેતન હોય, ચેતનની જાતના કાર્યો હોય. દયા–દાન ને વ્રત–ભક્તિ આદિ પણ ચેતનના કાર્યો નહીં. વિકૃતભાવ એ જ્ઞાતા–દ્રષ્ટા સ્વભાવનું કાર્ય કેમ હો ?–ન હોય.

વિભાવના કાર્યો પણ પરમાર્થે તારું કાર્ય નથી. પરિણમનમાં છે એટલે તારું કાર્ય છે પણ વસ્તુ તરીકે જોતાં એ સ્વભાવનું પરિણમન ન હોવાથી એ તારું કાર્ય નથી. વ્યવહારે પર્યાયમાં પરિણમન છે પણ પરમાર્થે એ તારું કાર્ય નથી. વ્યવહારે

પર્યાયમાં પરિણમન છે પણ પરમાર્થે એ સ્વભાવમાં નહીં હોવાથી એ તારું કાર્ય નથી. ભગવાન પૂર્ણાનંદનો નાથ અંદર બિરાજે છે તેને અનુસરીને પરિણમન કર એ તારું કાર્ય છે. એ સિવાય જડના કાર્ય તો તારા નહીં પણ પરમાર્થે વિભાવના કાર્યો પણ તારા નહીં. જીવનમાં આવું ઘૂંટાઈ જવું જોઈએ કે પરના કાર્યો તો મારા નથી પણ વિભાવના કાર્યો પણ મારા નથી. જડ અને વિભાવ એ પર છે એ મારા નથી કે હું એ નથી. કેમકે નવ તત્ત્વમાં અજીવ છે એ તો પર છે અને પુણ્ય–પાપ છે એ પણ જ્ઞાયકતત્ત્વથી ભિન્ન તત્ત્વ છે. તેથી પુણ્ય–પાપનું કાર્ય એ જ્ઞાયકનું નથી. જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાય એ વિભાવભાવ છે, એ મારા સ્વભાવનું પરિણમન નથી માટે એ કાર્ય મારું નથી. ચૈતન્યને અનુસરીને પરિણમન થાય એ મારું કાર્ય છે.

## ઊંડો ઊતરી જા

આત્માને જાણવા માટે પરિણામને સૂક્ષ્મ કર, સ્થૂલ પરિણામથી દ્રવ્ય જાણવામાં આવતું નથી. અજ્ઞાનીને અગિયાર અંગનું જ્ઞાન થઈ જાય છે તોપણ તેનો ઉપયોગ સૂક્ષ્મ નથી, સ્થૂલ છે. આત્મા સ્થૂલ પરિણામોથી જાણવામાં આવતો નથી. સૂક્ષ્મ એવા આત્માને જાણવા માટે ઉપયોગને સૂક્ષ્મ કરવો પડે છે. ભાઈ! તારા ઉપયોગને સૂક્ષ્મ કરીને દ્રવ્યમાં ઊંડો ઊતરી દ્રવ્યના પાતાળમાં જા! ત્યાંથી તને શાંતિ ને આનંદ મળશે. ખૂબ ધીરો થઈને, સૂક્ષ્મ ઉપયોગ કરીને દ્રવ્યનું તળ પકડી લે! એ તળમાં શાંતિ ને સુખ ભર્યા છે તે તને પ્રાપ્ત થશે. સંયોગને, રાગને જાણનાર ઉપયોગ સ્થૂલ છે, તેના ઉપરથી લક્ષ ઉઠાવી લે ને દ્રવ્ય સૂક્ષ્મ ને ગંભીર–મહા ગંભીર છે, તેના ઉપર ઉપયોગને સૂક્ષ્મ કરી, અત્યંત ધીરો કરી, દ્રવ્યના તળમાં લઈ જા! જેમાં અનંત અનંત અનંત દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવને જાણવાનું સામર્થ્ય છે એવા દ્રવ્યના તળને, ઉપયોગને સૂક્ષ્મ અને ધીરો કરીને પકડી લે. ત્યાં શાંતિ અને જ્ઞાન, આનંદ, આદિના ખજાના ભરેલા છે તે તને પ્રાપ્ત થશે. લાખ–કરોડના દાન કરે, દયા પાળે, વ્રત–તપાદિ કરે પણ ઉપયોગને સૂક્ષ્મ કરી દ્રવ્યના તળને પકડયા વિના એ બધા થોથા છે.

–પૂજ્ય ગુરુદેવશ્રી

# ........ તો કાર્ય થાય જ

**રુચિનું પોષણ અને તત્ત્વનું ઘૂંટણ ચૈતન્યની સાથે વણાઈ જાય તો કાર્ય થાય જ. અનાદિના અભ્યાસથી વિભાવમાં જ પ્રેમ લાગ્યો છે તે છોડ. જેને આત્મા પોષાય છે તેને બીજું પોષાતું નથી અને તેનાથી આત્મા ગુપ્ત–અપ્રાપ્ય રહેતો નથી. જાગતો જીવ ઊભો છે તે ક્યાં જાય? જરૂર પ્રાપ્ત થાય જ. ૩૦૬.**

('બહેનશ્રીનાં વચનામૃત' ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી)

જેમ વસ્ત્રમાં તાણાવાણા વણાઈ જાય છે તેમ પૂર્ણાનંદના નાથની રુચિનું પોષણ અને જ્ઞાયક વસ્તુનું ઘૂંટણ ચૈતન્યની સાથે વણાઈ જાય તો કાર્ય થાય જ. જેમ લીંડી પીપરને ઘૂંટતા ઘૂંટતા ૬૪ પહોરી તીખાશ બહાર આવે છે, તેમ જ્ઞાયકનું ઘૂંટણ કરતાં કરતાં, તેની રુચિનું પોષણ કરતાં કરતાં સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રનું પરિણમન થાય જ.

અનાદિના અજ્ઞાનથી વિભાવનો તને જે પ્રેમ લાગ્યો છે તેને છોડ. જેને ભગવાન પૂર્ણાનંદનો નાથ જ્યાં પોષાય છે તેને બીજું કાંઈ પોષાતું નથી. રાગ આવે પણ ઠીક લાગતું નથી. જેને જ્ઞાન ને આનંદસ્વરૂપ પ્રભુ રુચિમાં રુચે છે તેને બીજી કોઈ રુચિ રુચતી નથી. જેને આત્મા પોષાય છે તેનાથી આત્મા ગુપ્ત રહેતો નથી. પૂરણ સ્વરૂપ ભગવાન આત્મા જેને રુચિમાં પોષાય છે ને બીજું પોષાતું નથી તેને આત્મા પ્રગટ થયા વિના રહેતો નથી.

શુભરાગ પણ જેને પોષાતો નથી ને આત્મા પોષાય છે તેને આત્મા પ્રગટ થયા વિના રહેતો નથી. અંદર ચૈતન્ય પ્રકાશની મૂર્તિ, ચૈતન્ય જાગતી જ્યોતિ, જાગતો જીવ ઊભો છે તે ક્યાં જાય? જ્ઞાયક ચૈતન્યબિંબ પ્રભુ જાગતી ચીજ છે, એ જાગતો જીવ ઊભો છે તે ક્યાં જાય? રાગમાં જાય? શરીરમાં જાય? એક સમયની

પર્યાયમાં જાય ?–એ તો ધ્રુવ છે.

પ્રભુ ! જે આત્મા છે એ જાગતો જીવ અંદર ઊભો છે કે જે પર્યાયથી જુદો ધ્રુવ છે. તું એક સમયની પર્યાયથી અંદર જો કે જાગતો જીવ છે. જાગતો એટલે કે એ કદી ઊંઘતો નથી. તેના સ્વભાવમાં કદી અશુદ્ધતા, અપૂર્ણતા કે ઊણપ નથી. શરીર–માટીથી તો ભગવાન જુદો છે પણ કર્મના રજકણોથી પણ આત્મા જુદો છે ને પુણ્ય–પાપના ભાવથી પણ ભગવાન જુદો છે તથા વર્તમાન જાણવાની એક સમયની પ્રગટ પર્યાય છે તેમાં આખું દ્રવ્ય આવી જતું નથી. દ્રવ્ય છે એ તો જાગતી જ્યોત ત્રિકાળી છે.

જાગતી જ્યોત ઊભી છે એટલે ?–કે એ અવિનાશી છે તે પલટતી પણ નથી. જાણન સ્વભાવનો પિંડ પ્રભુ ધ્રુવ ઊભો છે તેની નજર કરે તો તેને એ હાથ આવશે ને ત્યારે તને સમ્યગ્દર્શન થશે. જાગતો જીવ, જ્ઞાયકજીવ, દૃષ્ટાજીવ ધ્રુવ છે, એ ક્યાં જાય ? એ પર્યાયના પલટવામાં આવે ? શરીરમાં આવે ?—એ ત્રિકાળી ઊભો છે, ત્યાં નજર કર તો જરૂર પ્રાપ્ત થાય જ.

ધ્રુવ છે ત્યાં નજર કર, જરૂર તને ધ્રુવની પ્રાપ્તિ થશે. સમ્યગ્દર્શનમાં ધ્રુવની નજર કરે ત્યારે સમ્યગ્દર્શન થાય. જેમ ધ્રુવના તારાના લક્ષે વહાણ ચાલે તેમ આ ધ્રુવના લક્ષે સમ્યગ્દર્શન થાય. સમ્યગ્દર્શન કેમ પમાય ?–તેની રીત ને વિધિ શું છે ? તેની આ વાત છે. ચૈતન્યની જાગૃત જ્યોતવાળો ધ્રુવ છે ત્યાં જા તો એ જરૂર પ્રાપ્ત થશે. જ્ઞાનની પર્યાયનો સ્વભાવ સ્વપરપ્રકાશક છે પણ તે એકલા પરને પ્રકાશી રહ્યો છે તેથી એ જ્ઞાનની પર્યાય મિથ્યા થઈ. એ જ્ઞાનની પર્યાય જેની છે–ધ્રુવની છે–તેને પ્રકાશે ત્યારે એ સમ્યક્ કહેવાય.

અવિનાશી ધ્રુવ અખંડ એકરૂપ સામાન્ય વસ્તુ છે, જ્ઞાનના સ્વભાવથી ભરેલો દરિયો છે, તેની સન્મુખ વર્તમાન જ્ઞાનની પર્યાય કર તો એ જરૂર પ્રાપ્ત થશે. વર્તમાન જ્ઞાનની પર્યાય જો ધ્રુવ ઉપર નજર કરે તો જેટલું ધ્રુવનું સામર્થ્ય છે એટલું પર્યાયમાં પ્રતીતિમાં જરૂર આવી જાય. ધ્રુવ છે તે નિત્ય છે તે ક્યાં જાય ? જ્ઞાનના જાગૃત સ્વરૂપનું ચૈતન્યબિંબ પ્રભુ છે. છે એને દૃષ્ટિમાં લેતાં જરૂર પ્રાપ્ત થાય જ.

# અદ્ભુત ચૈતન્યલોક

**ચૈતન્યલોક અદ્ભુત છે. તેમાં ઋદ્ધિની ન્યૂનતા નથી. રમણીયતાથી ભરેલા આ ચૈતન્યલોકમાંથી બહાર આવવું ગમતું નથી. જ્ઞાનની એવી તાકાત છે કે જીવ એક જ સમયમાં આ નિજ ઋદ્ધિને તથા બધાને જાણે. તે પોતાના ક્ષેત્રમાં નિવાસ કરતો જાણે છે; શ્રમ પડયા વગર, ખેદ થયા વગર જાણે છે. અંદર રહીને બધું જાણી લે છે, બહાર ડોકિયું મારવા જવું પડતું નથી. ૩૧૦.**

('બહેનશ્રીનાં વચનામૃત' ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી)

ભગવાન આત્મા એવો ચૈતન્યલોક છે કે જેમાં આકાશથી પણ અનંતગુણા ગુણો ભરેલા છે. અસંખ્ય પ્રદેશી ચૈતન્યલોક ક્ષેત્રથી મર્યાદિત છે પણ જેમાં 'આ છેલ્લી શક્તિ' એવો અંત નથી એવા અદ્ભુત ચૈતન્યલોકની ઋદ્ધિની ન્યૂનતા નથી. અનંત જ્ઞાન, અનંત દર્શન આદિની અનંતી રમણીયતા ચૈતન્યલોકમાં છે કે જેમાંથી બહાર આવવું ગોઠતું નથી. પરમાણુ પણ જડલોક છે પણ તેના લોકમાં રમણીયતા નથી.

રમણીયતાથી ભરેલા આ ભગવાન આત્માને ધર્મી નીહાળે છે તેથી તેને એ રમણીયતામાંથી બહાર આવવું ગોઠતું નથી. જેમ કોઈ સુંદર બાગમાં લાખો વૃક્ષો ફળ–ફૂલથી ફાલેલા હોય ને તેમાંથી બહાર આવવું ન ગોઠે તેમ અહીં તો લાખો કરોડો ને બદલે અનંતા ગુણોથી ભરેલા રમણીય ચૈતન્યલોકમાં જ્યારે પર્યાય ત્યાં જાય છે ત્યારે બહાર નીકળવું ગમતું નથી.

જ્ઞાન એ એનો સ્વભાવ છે, એની શક્તિ છે કે જેની એવી તાકાત છે કે આકાશ આદિ છએ દ્રવ્યો કે જેઓ પોતે પોતાના ગુણનો લોક છે તે સર્વને તથા પોતાની ઋદ્ધિને એક જ સમયમાં જાણે. બધા છે માટે જાણે એમ નહીં પણ એની સ્વપરપ્રકાશક તાકાત જ એવડી છે કે એક સમયમાં બધાને જાણે.

અનંતગુણલોક માંહેનો એક જ જ્ઞાન ગુણ તેની એવી તાકાત છે કે અનંતી ઋદ્ધિવાળું એક દ્રવ્ય ને એવા અનંતા દ્રવ્યોને નાનામાં નાના કાળમાં એટલે કે એક સમયમાં જાણી લે છે. એક–એક પરમાણુ–રજકણ અનંત ગુણની ઋદ્ધિથી ભરેલો જડલોક છે—એવા અનંતા રજકણો, ધર્માસ્તિ આદિ બધાને તથા પોતાના નિજવૈભવને કાળના નાનામાં નાના ભાગમાં જાણી લે એવી જ્ઞાનની તાકાત છે અને તે પણ પોતાના ક્ષેત્રમાં રહીને બધાંને જાણે.

આહાહા! મહા ઋદ્ધિધારી આવો આત્મા છે એની રુચિ ને એનું પોષાણ તને કેમ થતું નથી? ને બીજું પોષાણ કેમ થાય છે? પોતાના ભાવમાં, ક્ષેત્રમાં રહીને અનંતા આત્મલોક, અનંતા પરમાણુલોક આદિ બધાને શ્રમ વિના જાણે છે. શ્રમ વિના એટલે? –કે શ્રમ અર્થાત્ વિકલ્પ વિના નિર્વિકલ્પપણે જાણી લે છે. એવો જ એનો સ્વભાવ છે. બાપુ તારી આવી મોટપ ને ઋદ્ધિ છે. એ ઋદ્ધિની જેને રુચિ હોય તેને બહારનું કાંઈ રુચે નહીં. આ તો અલૌકિક વાત છે.

અનંત ગુણની ઋદ્ધિની જેમાં ન્યૂનતા નથી એમાં એક ગુણ કેવો છે? કે લોકાલોકને જાણવામાં પરને અડીને કે પરમાં જઈને કે પરને લઈને જાણે કે વિકલ્પના લઈને જાણે છે એમ નથી એવડી તો તેની તાકાત છે. પણ એ આત્માનું તને આકર્ષણ નથી ને આ બહારની ચીજ તને આકર્ષે છે, આ શું થઈ ગયું છે તને? આ તો ધીરાના કામ છે. આ દયા–દાન કે યાત્રાથી ધર્મ થઈ જાય એવી વાત નથી.

અનંતા અનંતા અનંતા ગુણલોકથી ભરેલો આત્મા છે. એમાં એક જ્ઞાન ગુણ આવડી તાકાતવાળો છે એમ શ્રદ્ધા આદિ અનંતી તાકાતવાળા અનંતા ગુણો છે. ભગવાન આત્માનો જ્ઞાનસ્વભાવ છે એ સ્વની ઋદ્ધિને ને પરને પોતામાં રહીને જાણે છે, એ જાણવા માટે બહાર ક્યાંય ડોકિયું મારવા જવું પડતું નથી પણ પોતાના સ્વભાવમાં રહીને પરને અડયા વિના, પરને લઈને એમ નહીં પણ સ્વપરપ્રકાશક શક્તિના લઈને શ્રમ પડયા વિના, પોતાના ક્ષેત્રમાં રહીને પોતાની ઋદ્ધિને ને સમસ્ત લોકને જાણી લે એવી જ્ઞાનની તાકાત છે. એવા જ્ઞાનસ્વભાવી આત્માના શ્રદ્ધા–જ્ઞાન કરવા,—એ કરવાનું છે.

# મુક્તિ હાથમાં આવી ગઈ

પ્રશ્નઃ– ધ્રુવમાં એકાગ્રતા કરવા ધ્રુવને ક્યાં શોધવો?

ઉત્તરઃ– એ પોતે જ ધ્રુવસ્વરૂપ વસ્તુ છે. વસ્તુ છે જ એને ક્યાં શોધવા જવું છે? એક સમયની પર્યાય છે એ કોના આધારે છે? વસ્તુ છે, છે ને છે. એક સમયની પર્યાયમાં પહેલાં ધ્રુવ વસ્તુનું મહાત્મ્ય આવવું જોઈએ. સર્વજ્ઞે જેના ગુણગાન કર્યા છે એવી અનંત અપાર અપાર મહિમાવાળી ચીજ આત્મા છે કોણ?–કે જેના સામર્થ્યનો પાર નથી, જેની આશ્ચર્યતાનો અદ્‌ભૂતતાનો પાર નથી, જેની શક્તિઓનો પાર નથી એવી મહિમાવાળી વસ્તુનો જ્ઞાન પર્યાયમાં નિર્ણય કરતાં એ ધ્રુવ વસ્તુનો મહિમા આવે છે. એ મહિમા આવતાં આવતાં જેવું સ્વરૂપ છે એવો મહિમા આવતાં પર્યાય ધ્રુવમાં ઢળી જાય છે. આહાહા! અનંત અનંત ગુણનો પિંડ પ્રભુ છે. એના દરેક ગુણો મુક્ત સ્વરૂપ છે, વીતરાગ સ્વરૂપ છે. એનું જ્ઞાન થઈને પ્રતીત થઈ એટલે બસ! ખલાસ થઈ ગયું! મુક્તિ પ્રતીતમાં આવી એટલે હાથમાં આવી ગઈ.

પ્રશ્નઃ– આપશ્રીએ ધ્રુવનો મહિમા લાવવા કહ્યું પણ મહિમા આવે કેમ?

ઉત્તરઃ– એનું શું કહેવું? આત્મા અનંત અનંત ગુણનો પિંડ પ્રભુ છે. એનું અપાર અપાર સામર્થ્ય છે. અતીન્દ્રિય જ્ઞાન, અતીન્દ્રિય આનંદ, જેની પ્રભુતાનો પાર નહિ, જેની સ્વચ્છતા આદિ અપાર શક્તિઓના સામર્થ્યનો મહિમા ભાસતાં અને રાગ તુચ્છ, તુચ્છ એમ રાગની તુચ્છતા થઈને સ્વભાવની પ્રભુતા ભાસતાં, વિકલ્પ તૂટીને નિર્વિકલ્પ અતીન્દ્રિય આનંદ આવ્યા વિના રહે જ નહિ. આહાહા! રાગ ને સંસારી હું છું જ નહિ, હું વીતરાગી ને અસંસારી જ છું. એવી દ્રષ્ટિનું જોર ધ્રુવ દ્રવ્ય તરફ જતાં પર્યાય ધ્રુવમાં ઢળી જાય ને અતીન્દ્રિય આનંદ આવે જ. આહાહા! અનંત અનંત વીતરાગી અસંસારી ગુણોનું ગ્રહણ અને અનંત સંસારનો ત્યાગ એ ઓછો ત્યાગ છે? રાગનો ને સંસારનો દ્રષ્ટિમાં ત્યાગ થયો એ જ ખરો ત્યાગ છે. પરવસ્તુનો ત્યાગ એ ખરો ત્યાગ જ નથી, એ દ્રષ્ટિ જ વિપરીત છે. દ્રષ્ટિમાં રાગનો ત્યાગ થઈ અનંત અનંત વીતરાગી મુક્તસ્વભાવી ગુણોનું ગ્રહણ થયું એની તો જગતને કાંઈ કિંમત નથી!

–પૂજ્ય ગુરુદેવશ્રી.




પ્રશ્નઃ– આત્માનો સાક્ષાત્કાર કરવો છે પણ કેમ કરવો તે પુરુષાર્થ ઉપડતો નથી.

ઉત્તરઃ– ચૈતન્ય સ્વભાવનો મહિમા કોઈ અચિંત્ય છે એમ અંદરથી મહિમા આવે તો સ્વ તરફ પુરુષાર્થ ઉપડે. ખરેખર તો જે પર્યાય પરલક્ષી છે તેને સ્વલક્ષી કરવી એમાં મહાન પુરુષાર્થ છે. ભાષા ભલે ટૂંકી કરી નાખી કે દ્રવ્ય તરફ વળ, ધ્રુવ તરફ વળ–એમ ભાષા સહેલી ને ટૂંકી કરી પણ તેમાં પુરુષાર્થ મહાન છે. ભલે શાસ્ત્રજ્ઞાન કરે, ધારણા જ્ઞાન કરી લે પણ પર્યાયને સ્વ લક્ષમાં વાળવી એ પુરુષાર્થ અનંત છે, મહાન અપૂર્વ પુરુષાર્થ છે.

* જેમ કોઈ સુંદર રાજમહેલ પામીને આનંદિત થાય છે અને તેમાંથી બહાર આવવું પડે તો ખેદ થાય છે. તેમ સુખધામ આત્માને પામેલા જ્ઞાનીને સુખધામમાંથી બહાર આવી જવાય તો દુઃખ થાય છે. અંદર અતીન્દ્રિય આનંદના અનુભવમાંથી શુભ રાગમાં આવી જતાં જ્ઞાનીને ખેદ થાય છે. અશુભ રાગમાં પણ જ્ઞાની સમ્યગ્દ્રષ્ટિ આવી જાય છે પણ જેમ માથે ધોકા પડતાં હોય તેમ અશુભ રાગમાં આવતાં દુઃખ લાગે છે.

* એક સમયની જ્ઞાનપર્યાય અનંતા દ્રવ્યોને જાણે, અંત રહિત અનંત ક્ષેત્રને જાણે, અંત રહિત અનંત કાળને જાણે, અંત રહિત અનંત અનંત ગુણોને જાણે એ પર્યાયની તાકાત કેટલી? એ પર્યાયનું સામર્થ્ય કેટલું? એની વિસ્મયતા લાગે તો વિકલ્પ તૂટીને નિર્વિકલ્પ થાય જ. આહાહા! દ્રવ્યનો સ્વભાવ અલૌકિક, ક્ષેત્રનો સ્વભાવ અલૌકિક, કાળસ્વભાવ અલૌકિક, ભાવસ્વભાવ અલૌકિક. વસ્તુ આવા અલૌકિક સ્વભાવવાળી જ છે. વસ્તુનો સ્વભાવ વિસ્મયકારી છે. તે એક સમયની સર્વજ્ઞ પર્યાયમાં આવી જાય છે તે વિસ્મયતા છે, જાણ્યું એવું વાણીમાં આવ્યું એ વિસ્મયતા છે. આવી પોતાની પ્રભુતાનો સ્વીકાર થાય તેને અજ્ઞાન ને રાગ–દ્વેષ રહે તેમ બને જ નહિ.

* અજ્ઞાની દ્રવ્યલિંગીને એમ લાગે છે કે મેં ઘણું કર્યું છે, મેં ઘણો પુરુષાર્થ

કર્યો છે અને સમ્યગ્દ્રષ્ટિ જ્ઞાનીને એમ લાગે છે કે હજુ તો મારે ઘણો પુરુષાર્થ કરવો બાકી છે. અરે! ક્યાં કેવળજ્ઞાન ને ક્યાં અલ્પ વીતરાગતા? ક્યાં પૂર્ણ વીતરાગતા ને ક્યાં અલ્પ વીતરાગતા? અહો! મારે હજુ ઘણું કરવાનું બાકી છે—એમ જ્ઞાનીને લાગે છે. અહો! ક્યારે મુનિ થઉં ને કયારે શ્રેણી માંડું ને કયારે પૂર્ણ વીતરાગ થઉં–એવી અંદર ભાવના ભાવે છે. અજ્ઞાની બાહ્યત્યાગ કરે છે, તપ કરે છે, ઉપસર્ગ સહન કરે છે, તેનાથી પોતે ઘણું કર્યું છે, ઘણું કરે છે તેમ માને છે પણ અંદરમાં રાગની મંદતાની ને બાહ્યત્યાગની કર્તૃત્વબુદ્ધિ છૂટી નથી. તેણે મિથ્યાત્વને છોડયું નથી તેથી કાંઈ જ કર્યું નથી.

* જ્ઞાયક નિષ્ક્રિય તળ ઉપર તું દ્રષ્ટિ થાપ ને! પર્યાય ઉપર શું કામ જોર દે છો? આ મારી ક્ષયોપશમની પર્યાય વધી, આ મારી પર્યાય થઈ એમ પર્યાય ઉપર જોર શું કામ દે છો? પર્યાયના પલટતાં અંશમાં ત્રિકાળી વસ્તુ થોડી આવી જાય છે? ત્રિકાળી ધ્રુવદળ જે નિત્યાનંદ પ્રભુ છે તેના ઉપર જોર દે ને! જ્ઞાનાનંદ સાગરના તરંગો ઊછળે તેના ઉપર જોર ન દે, તરંગોને ન જોતાં આનંદ સાગરના દળ ઉપર જોર દે ને! અનાદિથી ક્ષણિક પર્યાય ઉપર જોર દે છો તે છોડી દે ને ત્રિકાળી ધ્રુવ નિત્ય જ્ઞાયકદળ ઉપર જોર દે અને દ્રષ્ટિને થાપ તો સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રની નિર્મળ પર્યાય પ્રગટશે.

* નર–નારક આદિ જીવના વિષેશો, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, બંધ અને સંવર, નિર્જરા, મોક્ષ—એ નવ તત્ત્વોથી એક ટંકોત્કીર્ણ જ્ઞાયકભાવ વડે અત્યંત જુદો હોવાથી હું શુદ્ધ છું. આહાહા! સાધક બાધકની પર્યાયથી આત્માને અત્યંત જુદો કહ્યો. શરીર આદિથી તો અત્યંત જુદો છે જ, પુણ્ય પાપ આદિથી પણ અત્યંત જુદો છે જ, પણ સંવર–નિર્જરા મોક્ષની શુદ્ધ નિર્મળ પર્યાયના વ્યવહારીક ભાવોથી પણ હું એક ટંકોત્કીર્ણ જ્ઞાયક ભાવ વડે અત્યંત જુદો હોવાથી શુદ્ધ છું. આહાહા! અહીં સમયસારની ગાથા ૩૮ માં તો સંવર, નિર્જર, મોક્ષની શુદ્ધ નિર્મળ પર્યાયના વ્યવહારીક ભાવોથી પણ આત્માને અત્યંત જુદો કહીને દિગમ્બર સંતોએ અંતરના પેટની વાતો ખુલ્લી કરી છે. આવી વાતો બીજે ક્યાંય નથી. આહાહા! જગતના ભાગ્ય છે કે આવી વાણી રહી ગઈ છે.

* સમ્યગ્દ્રષ્ટિએ ધ્રુવ ચૈતન્યતળને સ્પર્શ્યું છે, તેથી બહારનું બધું થોથું લાગે છે. તેણે અંદરમાં ચૈતન્યનો માલ દેખ્યો છે, અનુભવ્યો છે તેથી દયા, દાન, ભક્તિ કે વ્રતાદિના શુભ ભાવો આવે કે સંસારના અશુભ ભાવો આવે પણ એ બધાં શુભાશુભ ભાવો થોથા જેવા લાગે છે. ચૈતન્યના તળમાં પહોંચી ગયો છે તેને આત્માની જ્ઞાન, આનંદ આદિ

વિભૂતિ મળી ગઈ છે. તેની આગળ બહારનું બધું થોથું લાગે છે. અંદરમાં ચૈતન્ય ભગવાન જ્ઞાનાનંદના રસકસથી ભરેલો લાગે છે.

* સમ્યગ્દ્રષ્ટિ, જીવ અજીવ આસ્રવ બંધ આદિના સ્વાંગોને જોનારા છે. રાગાદિ આસ્રવ બંધના પરિણામ આવે પણ સમ્યગ્દ્રષ્ટિ તે સ્વાંગોના જોનારા જ્ઞાતાદ્રષ્ટા છે, તે સ્વાંગોના કર્તા નથી. સમ્યગ્દ્રષ્ટિ એ સ્વાંગોને કર્મકૃત જાણી શાંતરસમાં જ મગ્ન રહે છે. શુભાશુભ ભાવો આવે છે પણ સમ્યગ્દ્રષ્ટિ તેને કર્મકૃત સ્વાંગો જાણી તેમાં મગ્ન થતાં નથી. મિથ્યાદ્રષ્ટિ જીવો જીવ અજીવનો ભેદ જાણતા નથી, તેથી તે કર્મકૃત સ્વાંગોને જ સાચા જાણીને તેમાં મગ્ન થઈ જાય છે. રાગાદિ ભાવો કર્મકૃત ભાવો હોવા છતાં તેને પોતાના ભાવો જાણી તેમાં લીન થઈ જાય છે તેવા અજ્ઞાની જીવોને ધર્મીજીવો આત્માનું યથાર્થ સ્વરૂપ બતાવી, તેનો ભ્રમ મટાડી, ભેદજ્ઞાન કરાવીને શાંતરસમાં લીન કરી સમ્યગ્દ્રષ્ટિ બનાવે છે.

* એકાન્તે દુઃખના જોરથી રાગથી છૂટો પડી શકે એમ બનતું નથી પણ દ્રવ્યદ્રષ્ટિના જોરથી રાગથી છૂટો પડી શકે છે. આત્માને ઓળખ્યા વિના–જાણ્યા વિના જાય ક્યાં? આત્માને જાણ્યો હોય તેનું અસ્તિત્વ ગ્રહણ કર્યું હોય તો રાગથી છૂટો પડીને આત્મામાં લીન થઈ શકે છે.

* દરેક પર્યાય સત્ છે, સ્વતંત્ર છે, એને પરની અપેક્ષા નથી. રાગનો કર્તા તો આત્મા નહિ પણ રાગનું જ્ઞાન કહેવું એ વ્યવહાર છે અને જ્ઞાનપરિણામને આત્મા કરે એમ કહેવું એ પણ વ્યવહાર છે. ખરેખર તો તે સમયની જ્ઞાનપર્યાય ષટ્કારકથી સ્વતંત્ર થઈ છે.

* વિષયોમાં એકાકાર થએલા જ્ઞાનને વિશેષ જ્ઞાન એટલે કે મિથ્યાજ્ઞાન કહે છે અને તેનું લક્ષ છોડીને એકલા સામાન્ય જ્ઞાનસ્વભાવના આલંબનથી ઉત્પન્ન થએલ જ્ઞાનને સામાન્યજ્ઞાન એટલે કે સમ્યક્ જ્ઞાન કહે છે. જ્ઞાનસ્વભાવમાં એકાકાર થઈને પ્રગટ થએલા જ્ઞાનને સામાન્યજ્ઞાન–વીતરાગી જ્ઞાન કહે છે ને તેને જૈન શાસન કહે છે, આત્માનુભૂતિ કહે છે. સામાન્યજ્ઞાનમાં આત્માના આનંદનો સ્વાદ આવે છે. વિશેષ જ્ઞાન એટલે ઇન્દ્રિય જ્ઞાનમાં આત્માના આનંદનો સ્વાદ આવતો નથી, પણ આકુળતાનો–દુઃખનો સ્વાદ આવે છે. પરદ્રવ્યને અવલંબીને જે જ્ઞાન થયું તે વિશેષજ્ઞાન છે. ભગવાનની વાણી સાંભળીને જે જ્ઞાન થયું તે ઇન્દ્રિયજ્ઞાન છે, વિશેષજ્ઞાન છે, તે આત્માનું જ્ઞાન–અતીન્દ્રિયજ્ઞાન–સામાન્યજ્ઞાન નથી. જ્ઞાનીને આત્માનું જ્ઞાન થયું છે તે સામાન્યજ્ઞાનને પોતાનું જ્ઞાન જાણે છે અને પરને જાણતું ઇન્દ્રિયજ્ઞાન જે અનેકાકારરૂપ પરસત્તાવલંબી જ્ઞાન થાય છે તેને પોતાનું જ્ઞાન માનતો નથી. જેમ પરજ્ઞેયને પોતાના

માનતો નથી તેમ પરના જ્ઞાનને પોતાનું જ્ઞાન માનતો નથી. જેમાં આનંદનો સ્વાદ આવે છે તેને પોતાનું જ્ઞાન માને છે.

* પ્રાપ્ય, વિકાર્ય ને નિર્વત્ય એવું વ્યાપ્યલક્ષણવાળુ પુદ્ગલદ્રવ્યના પરિણામસ્વરૂપ કર્મ એટલે કે ભક્તિ, પૂજા, દયા, દાન આદિના શુભ પરિણામો તેની આદિ–મધ્ય – અંતમાં પુદ્ગલદ્રવ્ય પોતે અંતર્વ્યાપક થઈને પરિણમે છે, ગ્રહણ કરે છે ને ઊપજે છે. આહાહા! રાગાદિ પરિણામમાં પુદ્ગલદ્રવ્ય પોતે અંતરર્વ્યાપ થઈને રાગરૂપે પરિણમે છે, રાગને ગ્રહણ કરે છે, રાગરૂપે ઊપજે છે. જીવ એ રાગની આદિ –મધ્ય–અંતમાં અંતર વ્યાપક થઈને પરિણમતો નથી, ગ્રહણ કરતો નથી કે રાગરૂપે ઊપજતો નથી. કેમ કે જીવ તો એકલો જ્ઞાયકભાવ સ્વરૂપ છે. એ જ્ઞાયકભાવ દયા–દાન–ભક્તિ આદિ રાગરૂપ એવા પુદ્ગલકર્મને કેમ કરે? ભક્તિ વિનય વૈયાવ્રત આદિના ભાવની આદિ–મધ્ય–અંતમાં પુદ્ગલદ્રવ્ય વ્યાપક થઈને રાગને કરે છે. આહાહા! ત્રણલોકનો નાથ ચૈતન્યસ્વભાવ એ રાગાદિ પરિણામને કરતો નથી. જ્ઞાયક પ્રભુ એ રાગાદિ પરિણામમાં વ્યાપતો નથી. ચારિત્રમોહની નબળાઈથી પણ જીવ રાગાદિ ભાવને કરતો નથી,—એમ અહીં એકલા દ્રવ્યસ્વભાવને સિદ્ધ કરવો છે. અરે પ્રભુ! ક્યાં તારી મહાનતા ને ક્યાં વિભાવની તુચ્છતા? તુચ્છ એવા વિભાવભાવ તારાથી કેમ થાય? તું તો જાણન સ્વભાવી છો. તારાથી વિકાર કેમ થાય? આહાહા! દ્રવ્યદ્રષ્ટિના સમયસારના કથનો અલૌકક છે.

* ભગવાન મહાવીરનો જીવ સિંહના ભવમાં હરણને ફાડી ખાય છે ને મુનિ આકાશમાંથી નીચે ઊતરીને સિંહને સંબોધે છે કે અરે સિંહ! તું દશમાં ભવે ભગવાન મહાવીર થવાનો ને આ શું? સિંહને તુરત જાતિસ્મરણ થતા આંખમાંથી ચોધાર આંસુની ધારા ચાલે છે ને વૈરાગ્ય...વૈરાગ્યથી હાથ જોડીને સાંભળે છે અને આત્મભાન થાય છે. આહાહા! એ મુનિની ભાષા કેવી હશે ને સિંહ કેવી રીતે સમજ્યો હશે? એક યોગ્યતા તો જુઓ! એનો મેળ કેવો ખાઈ ગયો! ભગવાન પાસે મુનિએ સાંભળેલ તે આ જ સિંહ ભગવાન મહાવીરનો જીવ છે એમ શી રીતે જાણ્યું? આહાહા! મુનિનો એવો જ કોઈ ક્ષયોપશમ કે સિંહને જોતા ખ્યાલમાં આવી ગયું. એક યોગ્યતા તો જુઓ! કેવો મેળ ખાઈ જાય છે!

* આત્મા કર્તા થઈને પર્યાયને કરે છે એમ કહેવાય પણ ખરેખર તો પર્યાય પોતે ષટ્કારકની ક્રિયારૂપે સ્વતંત્ર પરિણમે છે. ભૂતાર્થસ્વભાવનો આશ્રય કરવાનું આવે છે ત્યાં પર્યાય પોતે ષટ્કારકથી સ્વતંત્ર કર્તા થઈને આશ્રય કરે છે–લક્ષ કરે છે. વીતરાગી પર્યાયનું સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રની પર્યાયનું લક્ષ–આશ્રય ત્રિકાળી

* દ્રવ્ય છે પણ તે લક્ષ પર્યાય પોતે ષટ્કારકથી સ્વતંત્ર કર્તા થઈને કરે છે—પરિણમે છે. પર્યાય અહેતુક સત્ છે ને! વિકારી પર્યાય પણ પરની અપેક્ષા વિના ષટ્કારકથી સ્વતંત્ર પરિણમે છે તેમ પંચાસ્તિકાય ગાથા–૬૨માં કહ્યું છે. આહાહા! વિકારી કે અવિકારી પર્યાય પોતે ષટ્કારકની ક્રિયાથી સ્વતંત્ર પરિણમે છે–ઉત્પન્ન થાય છે. આહાહા! સ્વતંત્રતાની આવી વાત બેસે એના કર્મના ભૂક્કા ઊડી જાય! જેની યોગ્યતા હોય તેને બેસે. વીરલા જ આવી વાત સાંભળનારા હોય, આ સાંભળનારના ટોળા ન હોય.

* સત્તા (–ગુણ) ને દ્રવ્ય કહેવું તે અભેદ (–દ્રવ્યાર્થિકનય) નું કથન છે અને સત્તાને સત્તાગુણ કહેવો તે ભેદ (–પર્યાયાર્થિકનય) નું કથન છે. તેમ પર્યાય તે દ્રવ્યનું કાર્ય છે, પરિણામ તે પરિણામીનું કાર્ય છે તેમ કહેવું તે અભેદનું કથન છે અને પર્યાય તે પર્યાયનું કાર્ય છે તે ભેદનું કથન છે. જીવની પર્યાયનું કાર્ય કર્મ આદિ અન્ય દ્રવ્યનું કાર્ય નથી તેમ બતાવવા પર્યાયને સ્વદ્રવ્યનું કાર્ય કહ્યું પણ ખરેખર પર્યાય પોતાના ષટ્કારકની ક્રિયાથી સ્વતંત્ર કર્તા થઈને પર્યાયને કરે છે–પરિણમે છે.

* એક સમયની પર્યાય સત્ છે, સ્વતંત્ર છે, જે કાળે જે પર્યાય થવાની તે પર્યાય પોતાના ષટ્કારકની ક્રિયાથી સ્વતંત્ર થવાની પણ એનો નિર્ણય કઈ રીતે થાય? એ નિર્ણયનું તાત્પર્ય શું? વીતરાગતા તાત્પર્ય છે. એ વીતરાગતા ક્યારે થાય?–કે એનું લક્ષ ને દૃષ્ટિ પર્યાયના કર્તાપણાની બુદ્ધિથી, પર્યાયના ફેરફાર કરવાની બુદ્ધિથી ખસીને ત્રિકાળી ધ્રુવ જ્ઞાયક ઉપર જાય ત્યારે નિઃસંદેહ નિર્ણય થતાં પરિણામમાં અંશે નિર્મળતા ને વીતરાગતા થાય. એ સાચા નિર્ણયનું ફળ ને તાત્પર્ય છે. આહાહા! શું વીતરાગની વાણી? ચારે કોરથી એક સત્ જ ઊભું થાય છે.


## –ઃ નવું પ્રકાશનઃ–

| | | | |
|---|---|---|---|
| ૧. શ્રી સોગાનીજીના આધ્યાત્મિક પત્રો | ગુજ. ૨–૦૦ | ૬. શાસ્ત્ર–સ્વાધ્યાય | ગુજ. ૨–૦૦ |
| | | ૧. ધર્મ કે દશ લક્ષણ | હિન્દી ૪–૦૦ |
| ૨. વીતરાગવિજ્ઞાન છહઢાળા પ્રવચન ભાગ–૨ | ગુજ. ૧–૫૦ | ૨. દશલક્ષણ ધર્મ શ્રી ગુરુદેવકા પ્રવચન | હિન્દી ૦–૭૫ |
| ૩. છહઢાળા સચિત્ર | ગુજ. ૧–૭૫ | ૩. જૈનતત્ત્વ મીમાંસા | હિન્દી ૬–૦૦ |
| ૪. મોક્ષમાર્ગ પ્રકાશક | ગુજ. ૭–૦૦ | ૪. ધર્મકી ક્રિયા | હિન્દી ૨–૦૦ |
| ૫. શ્રી મહાવીર ભજન પૂજન સંગ્રહ | ગુજ. ૧–૦૦ | | |

## પુદ્ગલદ્રવ્ય વડે અંતર્વ્યાપક થઈને કરવામાં આવતા

# રાગાદિનો જ્ઞાતા તે જ્ઞાની

જ્ઞાનીને જે રાગ-દ્વેષ થતા દેખાય છે તેને જ્ઞાની કરતો નથી પણ પુદ્ગલદ્રવ્ય સ્વતંત્રપણે વ્યાપક થઈને પુણ્ય-પાપના પરિણામને કરે છે. જેમ માટી ઘડામાં અંતર્વ્યાપક થઈને ઘડાને કરે છે તેમ જ્ઞાની ધર્માત્માને દેખાતા-થતા ભક્તિ-પૂજા, વ્રત-તપ આદિના રાગના પરિણામમાં પુદ્ગલદ્રવ્ય અંતર્વ્યાપક થઈને રાગાદિ પરિણામને કરે છે. રાગાદિ પરિણામને અને આત્માને, ઘડો અને કુંભારની જેમ, વ્યાપ્યવ્યાપકભાવનો અભાવ હોવાથી રાગાદિમાં ધર્મીજીવ વ્યાપક થઈને કર્તા થતો નથી. આહાહા! જ્ઞાનીની અંતર દશા અદ્ભૂત છે. સર્વજ્ઞદેવની દિવ્યધ્વનિનું આ કથન છે, જે કોઈ જ્ઞાની થાય તેના દયા -દાન-પૂજા-ભક્તિ-વ્રતાદિનો શુભરાગ એ પુદ્ગલદ્રવ્ય વડે સ્વયં થતા હોવાથી પુદ્ગલદ્રવ્ય તેનો કર્તા છે, જ્ઞાની તેનો કર્તા નથી. ધર્મીજીવનું એ કાર્ય નથી. જ્ઞાનીને નબળાઈથી રાગ થાય છે એમ પણ અહીં કહેવું નથી પણ એ પુણ્ય-પાપના રાગાદિ પરિણામને પુદ્ગલદ્રવ્ય સ્વતંત્રપણે વ્યાપક થઈને કરે છે, જ્ઞાની કરતો નથી. જ્ઞાનીજીવ તો માત્ર જાણે જ છે. આહાહા! આત્માના આનંદ સ્વભાવને અનુભવે છે તેની અંતર દશા પલટી ગઈ છે. સ્વભાવદૃષ્ટિમાં રાગ આવતો નથી તેથી રાગના કાર્યને સ્વભાવથી જુદા પાડીને તેનો કર્તા દૃષ્ટિપ્રધાન કથનથી પુદ્ગલકર્મને કહ્યું અને જ્ઞાનપ્રધાન કથનમાં પ્રવચનસારની ૪૭ નયોના અધિકારમાં રાગના પરિણામ જીવમાં થતા હોવાથી જ્ઞાનીજીવને રાગનો કર્તા કહ્યો છે. પંચાસ્તિકાય ગાથા ૬૨ માં કહ્યું છે કે દયા, દાન, ભક્તિ, કામ, ક્રોધાદિના શુભાશુભ પરિણામ થાય છે તેને કર્મની તો અપેક્ષા નથી પણ જીવ દ્રવ્યની અપેક્ષા વિના રાગાદિ વિકાર પરિણામ પર્યાયના ષટ્કારકની ક્રિયાથી સ્વતંત્ર થાય છે. જ્યાં જે વિવક્ષાથી કથન હોય તે સમજવું જોઈએ. અહીં સમયસારમાં દૃષ્ટિપ્રધાન કથનમાં તો રાગને અને આત્માને, ઘડો અને કુંભારની જેમ, વ્યાપ્ય-વ્યાપકભાવનો અભાવ હોવાથી ધર્મીજીવ રાગનો કર્તા નથી. આહાહા! ગજબ વાત કરી છે. સમયસાર એ તો સમયસાર જ છે. જગતના ભાગ્ય કે આવું શાસ્ત્ર રહી ગયું!

-પૂજ્ય ગુરુદેવશ્રી


## * દ્રવ્યદ્રષ્ટિને આલંબન કોનું? *

દ્રવ્યદ્રષ્ટિ શુદ્ધ અંતઃતત્ત્વને જ અવલંબે છે. નિર્મળ પર્યાય પણ બહિર્તત્ત્વ છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની નિર્મળ પર્યાય તે પણ બહિર્તત્ત્વ છે, તેનું આલંબન દ્રવ્યદ્રષ્ટિમાં નથી. સંવર-નિર્જર-મોક્ષ પણ પર્યાય છે, તેથી તે વિનાશીક હોવાથી બહિર્તત્ત્વ છે. તેનું આલંબન દ્રવ્યદ્રષ્ટિને નથી. શરીર-મન-વાણી-કુટુંબ કે દેવ-શાસ્ત્ર-ગુરુ એ તો પરદ્રવ્ય હોવાથી બહિર્તત્ત્વ છે જ અને દયા-દાન-વ્રત-તપ આદિના પરિણામ એ પણ વિકાર હોવાથી બહિર્તત્ત્વ છે જ પણ અહીં તો જે શુદ્ધ નિર્મળ પર્યાય-સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના પરિણામ છે તે પણ ક્ષણીક અનિત્ય એક સમય પૂરતાં ટકતા હોવાથી ધ્રુવતત્ત્વ-અંતઃતત્ત્વની અપેક્ષાએ એ પણ બહિર્તત્ત્વ છે તેથી તેનું આલંબન લેવા જેવું નથી.

પ્રશ્નઃ- નિર્મળ પર્યાયને તો અંતર્લીન કહી છે ને?

ઉત્તરઃ- એ તો સ્વ સન્મુખ વળી છે તેથી તે પર્યાયને અંતર્ લીન કહ્યું છે પણ તેથી કાંઈ પર્યાય ધ્રુવમાં ભળી જતી નથી. ધ્રુવના આશ્રયે દ્રવ્યદ્રષ્ટિ પ્રગટ થઈ પછી ચારિત્રની શુદ્ધિ પણ પર્યાયના આશ્રયે થતી નથી. ત્રિકાળી અંતઃતત્ત્વ જે ધ્રુવ તળ-દળ છે તેના આશ્રયે જ ચારિત્રની શુદ્ધિ થાય છે. આ વસ્તુની સ્થિતિ છે, ભગવાનના વચનો છે, આ ઉપદેશ ભેદજ્ઞાનની પરાકાષ્ટાનો છે. પ્રભુ! નિર્મળ પર્યાય બહિર્તત્ત્વ છે, તે નિર્મળ પર્યાયના આશ્રયે ટકે નહિ, વધે નહિ, પણ અંતઃતત્ત્વ જે ધ્રુવતત્ત્વ છે તેના જ આશ્રયે પ્રગટે છે, ટકે છે ને વધે છે. દયા-દાન આદિના શુભ પરિણામ એ તો મલિન બહિર્તત્ત્વ છે અને સમ્યગ્દર્શન-જ્ઞાન ચારિત્રના પરિણામ તે નિર્મળ બહિર્તત્ત્વ છે. દ્રવ્યદ્રષ્ટિ તો એક શુદ્ધ અંતઃતત્ત્વને જ અવલંબે છે.

-પૂજ્ય ગુરુદેવશ્રી




* વિંછીઆનિવાસી ( હાલ ઘાટકોપર ) સ્વ. પ્રાણલાલ પ્રેમચંદ શાહના પુત્રવધુ રેણુકાબેન રમેશચંદ શાહ (–ઘાટકોપર ભજનમંડળીવાળા રમેશભાઈ—'કમલ' ના ધર્મપત્નિ ) ( વર્ષ ૨૭ ) તા. ૭–૧–૭૯ ના રોજ સ્વર્ગવાસ પામેલ છે. તેમને જૈનધર્મ પ્રત્યે તેમજ પૂજ્ય ગુરુદેવશ્રી પ્રત્યે ઘણો ભક્તિભાવ હતો.

* ચેલાનિવાસી રતનબેન (–તે શ્રી જીવરાજજી મહારાજના ગૃહસ્થાશ્રમના ધર્મપત્નિ ) ( વર્ષ ૮૫ ) તા. ૭–૧–૭૯ ના રોજ સ્વર્ગવાસ પામેલ છે.

* વાંકાનેર નિવાસી ( હાલ બેંગ્લોર ) ઉષાગૌરી મણીલાલ શેઠ ( વર્ષ ૬૩ ) તા. ૧૧–૧–૭૯ ના રોજ સ્વર્ગવાસ પામેલ છે.

* રાણપુરનિવાસી ( હાલ અમદાવાદ ) શાંતિલાલ તારાચંદ શાહ ( વર્ષ ૭૦ ) તા. ૧૦–૧–૭૯ ના રોજ સ્વર્ગવાસ પામેલ છે. તેઓ અવારનવાર સોનગઢ આવીને પૂજ્યશ્રીની અધ્યાત્મવાણીનો લાભ લેતા હતા.

* ધ્રાંગધ્રાનિવાસી સમજુબેન ગોવિંદજી કોઠારી ( વર્ષ ૭૩ ) માગશર સુદ ૧૪ ના રોજ સ્વર્ગવાસ પામેલ છે. તેઓ વારંવાર સોનગઢ આવીને લાભ લેવા રહેતા હતા.

–સ્વર્ગસ્થ આત્માઓને દેવ–ગુરુ–ધર્મ પ્રત્યે ઘણો જ ભક્તિભાવ હતો. તેઓ વીતરાગધર્મનું શરણ પામીને આત્મકલ્યાણ પામો એ જ શુભ કામના.

# પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના મંગલ પ્રવાસનો ક્રમ

( –વિ. સં. ૨૦૩૫ )

| | | |
|---|---|---|
| રાજકોટ | :- ફાગણવદ ૧ થી ચૈત્રસુદ ૧, બુધ થી બુધ, ૧૪ માર્ચથી ૨૮ માર્ચ | : ૧૫ દિવસ |
| મોરબી | :- ચૈત્રસુદ ૨ થી ૬, ગુરુ થી સોમ, ૨૯ માર્ચથી ૨ એપ્રિલ | : ૫ દિવસ |
| જામનગર | :- ચૈત્રસુદ ૭ થી ૧૧, મંગળ થી રવિ, ૩ એપ્રિલથી ૮ એપ્રિલ | : ૬ દિવસ |
| વાંકાનેર | :- ચૈત્રસુદ ૧૨ થી વદ ૧, સોમ થી શુક્ર, ૯ એપ્રિલથી ૧૩ એપ્રિલ | : ૫ દિવસ |
| મુંબઈ | :- ચૈત્રવદ ૨ થી વૈ. સુદ ૨, શનિ થી શનિ, ૧૪ એપ્રિલથી ૨૮ એપ્રિલ | : ૧૫ દિવસ |
| | | કુલ ૪૬ દિવસ |

પૂજ્ય ગુરુદેવશ્રીની ૯૦ મી જન્મજયંતી વૈશાખસુદ ૨, શનિવાર, તા. ૨૮–૪–૭૯ ના રોજ મુંબઈના પ્રાંગણમાં ઉજવાશે.

* પૂજ્ય ગુરુદેવશ્રી સોનગઢમાં સુખશાતામાં બિરાજી રહ્યા છે. હાલમાં સવારે શ્રી સમયસાર, કર્તાકર્મ–અધિકાર ઉપર તથા બપોરે શ્રી પ્રવચનસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના અધ્યાત્મરસસભર અપૂર્વ પ્રવચનો ચાલી રહ્યા છે.

* 'બહેનશ્રીનાં વચનામૃત' ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના કુલ ૧૮૧ અલૌકિક પ્રવચનો થયા છે.

## આત્મધર્મ ( ગુજરાતી ) ના ગ્રાહકોને...

દરેક વાર્ષિક ગ્રાહકોનું લવાજમ ૩૦ મી જૂન ૧૯૭૯ ના રોજ પૂરું થાય છે. આસો માસમાં અથવા ડીસેમ્બર માસમાં પોતાનું લવાજમ પૂરું થયું સમજીને ઘણા ગ્રાહકો લવાજમના પૈસા મોકલી રહ્યા છે. સર્વે ગ્રાહકોને વિનંતી કે પોતાના લવાજમના રૂપિયા છ જૂન માસ દરમિયાન મોકલે. આત્મધર્મનું લવાજમ વર્ષ જૂલાઈથી જૂન રાખવામાં આવેલ છે.

ચાલુ વર્ષના શરૂઆતના અંકો સ્ટોકમાં ન હોવાથી, ચાલુ વર્ષના નવા ગ્રાહક બનનાર સભ્યોએ છ માસના લવાજમના રૂપિયા ત્રણ મોકલવા.

# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

૧. સર્વ રત્નોમાં પણ મહારત્ન સમ્યક્ત્વ છે. વસ્તુની સિદ્ધિ કરવાના ઉપાયરૂપ સર્વ યોગ, મંત્ર, ધ્યાન આદિમાં (સમ્યક્ત્વ) ઉત્તમ યોગ છે. કારણ કે સમ્યક્ત્વથી મોક્ષ સધાય છે. અણિમાદિ ઋદ્ધિઓમાં પણ (સમ્યક્ત્વ) મહાન ઋદ્ધિ છે. ઘણું શું કહીએ ? સર્વ સિદ્ધિ કરવાવાળું આ સમ્યક્ત્વ જ છે.

(સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા, ગાથા ૩૨૫)

૨. જે આત્મા કર્મોના બંધનથી સહિત હોવા છતાં કર્મ બંધનથી રહિત છે, રાગ-દ્વેષથી મલિન હોવા છતાં નિર્મલ છે અને દેહધારી હોવા છતાં દેહથી રહિત છે, તેથી આચાર્ય કહે છે કે આત્માનું સ્વરૂપ આશ્ચર્યકારી છે.

(પદ્મનંદીઆચાર્ય, સદ્‌બોધચંદ્રોદય અધિકાર, શ્લોક ૧૩.)

૩. હે ભવ્ય જીવ! તું જ્ઞાનનું આરાધન કર. કારણ કે જ્ઞાન પાપરૂપી અંધકારને નષ્ટ કરવાને માટે સૂર્ય સમાન છે, મોક્ષરૂપી લક્ષ્મીને નિવાસ કરવાને માટે કમલ સમાન છે, કામરૂપી સર્પને કીલિત કરવા માટે મંત્ર સમાન છે, મનરૂપી હાથીને માટે સિંહ સમાન છે, વ્યસન-આપદા-કષ્ટરૂપી વાદળોને ઉડાડવાને માટે પવન સમાન છે, સમસ્ત તત્ત્વોનો પ્રકાશ કરવા માટે દીપક સમાન છે તથા વિષયરૂપી માછલાઓને પકડવા માટે જાળ સમાન છે.

(શુભચંદ્રાચાર્ય, જ્ઞાનાર્ણવ, સર્ગ-૭, શ્લોક ૨૨)

૪. જેઓ પોતાના શુદ્ધ આત્મસ્વરૂપને કદાપિ છોડતો નથી તેઓ સારી રીતે કરેલા અભ્યાસના બળથી પરલોકમાં જતાં પણ નિશ્ચયથી (શુદ્ધ સ્વરૂપની દૃષ્ટિને) તજતાં નથી.

શુદ્ધ ચિદ્રૂપના ચિંતનમાં સદા એવો અભ્યાસ કરો કે સંકલેશમાં તથા મરણમાં પણ તે વિનાશ પામે નહિ.

(તત્ત્વજ્ઞાન તરંગિણી, અ. ૧૪, શ્લોક ૧૯-૨૦)

૫. પ્રાણોનો નાશ કરનાર વિષનું ભક્ષણ કરવું સારું છે, વાઘ આદિ હિંસક જીવોથી ભરેલા વનમાં રહેવું સારું છે તથા અગ્નિની જ્વાળામાં પ્રવેશ કરવો પણ સારો છે; પરંતુ મનુષ્યે મિથ્યાત્વ સહિત જીવિત રહેવું સારું નથી.

(અમિતગતી આચાર્યઃ સુભાષિત રત્નસંદોહ-શ્લોક ૧૪૦)

આત્મધર્મના આજીવન સભ્યોની નામાવલિ

૭૯૧ શ્રી કાંતિભાઈ દેવશીભાઈ થાનગઢ
૭૯૨ શ્રી કુન્દકુન્દ કહાન દિ. જૈન સ્વાધ્યાય મંદિર છાવની સીરોહી
૭૯૩ શ્રીમતી પ્યારીબેન ગંગાવત ઉદયપુર
૭૯૪ શ્રી મંજુલાબેન કાનજીભાઈ મહુવા
૭૯૫ શ્રી અજીતકુમાર ચીમનલાલ જૈન પાદરા
૭૯૬ શ્રી જીવનલાલ જૈન પટેરા
૭૯૭ શ્રી ધરમચંદ રતીલાલ ગાંધી જલગાંવ
૭૯૮ શ્રી લલિતાબેન પંચાલી બોટાદ
૭૯૯ શ્રી દુધીબેન કોઠારી બેંગલોર
૮૦૦ શ્રી ઇંદુભાઈ મફતલાલ કામદાર અમદાવાદ
૮૦૧ શ્રી જયંતિલાલ હીરાચંદભાઈ લાઠી
૮૦૨ શ્રી નથુભાઈ પરશોત્તમ મહેતા જામનગર
૮૦૩ શ્રી જયંતિલાલ મુલકચંદ શાહ અમદાવાદ
૮૦૪ શ્રી હરગોવિંદ ઉજમશી ગોપાણી બોટાદ
૮૦૫ શ્રી જયાબેન દામોદરભાઈ લાખાણી રાજકોટ
૮૦૬ શ્રી શશીકાંત નાગરદાસ કોઠારી બોટાદ
૮૦૭ શ્રી ભગવાનદાસ હરીભાઈ બોટાદ
૮૦૮ શ્રી રતીલાલ અમૃતલાલ સંઘવી તલોદ
૮૦૯ શ્રી દિલીપકુમાર ભુરાલાલ ગઢડા
૮૧૦ શ્રી પ્રવિણકુમાર અમૃતલાલ અમદાવાદ
૮૧૧ શ્રી રમેશ જયંતિલાલ શાહ મુંબઈ
૮૧૨ શ્રી રતીલાલ મણીલાલ શાહ અમદાવાદ
૮૧૩ શ્રી હસમુખરાય જયંતિલાલ મુંબઈ
૮૧૪ શ્રી ચંદુલાલ મોહનલાલ ગાંધી હિંમતનગર
૮૧૫ શ્રી પ્રવિણચંદ્ર મગનલાલ દોશી સુરેન્દ્રનગર
૮૧૬ શ્રી પ્રવિણચંદ્ર હરગોવિંદદાસ ભાવનગર
૮૧૭ શ્રી માણેકચંદજી કાલા ભાવનગર
૮૧૮ શ્રી કનુભાઈ આર. શાહ અમદાવાદ
૮૧૯ શ્રી કિશોરભાઈ જે. સંઘવી યુ. એસ. એ.

આજીવન સભ્ય ફી રૂા. ૧૦૧/- (ક્રમશઃ)

Licence No. 3
'Licensed to post withouta prepayment'

**If not delivered please Return to:**
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ (સૌરાષ્ટ્ર)
PIN: 364250

**તંત્રીઃ પુરુષોત્તમદાસ શીવલાલ કામદાર**
**પ્રકાશકઃ શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ PIN: 364250**
**મુદ્રકઃ મગનલાલ જૈન અજિત મુદ્રણાલય**
સોનગઢ (સૌરાષ્ટ્ર) પ્રતઃ ૩૯૦૦
વાર્ષિક લવાજમઃ રૂા. ૬/-